1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
2 BHK અને 3 BHK
રેડી ફ્લેટ નવી બિલ્ડીંગમાં
એસફોર્ડ રોયાલે 3 BHK વેચાણથી
ઓબેરોય 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી રીસેલ ફ્લેટ
પ્રાઈમ લોકેશનમાં દુકાન
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh Namkeen! Har Din..
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૩૧ ● સળંગ અંક : ૧૩૪૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૧ ઓગસ્ટ – ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦




8452 059405

Maharera Registration No. P51800050490
https://maharera.mahaonline.gov.in

Click Here



ચાલો જન્માષ્ટમી ઉજવીએ...
શ્રી ગુર્જરમાત પ્રસ્તુત
કૃષ્ણ લીલા ૨
સોમવાર, તા.૨૬ ઓગસ્ટ, રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ (વેસ્ટ).
Supported By
મિહિર કોટેચા
(MLA)
ગુર્જરમાત કાર્યાલય પર
રોજ સવારના ૧૧ થી ૭ સુધી
ટિકિટ મળશે
કાલિદાસ હોલ પર
રવિવાર અને સોમવારે
સવારના ૯ થી ૧, સાંજે ૫ થી ૮
ટિકિટ મળશે
હિના ઠક્કર અને
સાથી કલાકારો
ગીત, સંગીત અને
નૃત્યના સથવારે
OUR SPONSORS
VIKAS CONSTRUCTIONS
H.R. JANTA
URMIL SHAH (GOGRI)
AUTOMOTIVE SOLUTIONS
BUY | SELL | SERVICE
PRE-OWNED CARS
MAHIZ TRENDZ
BY: MALVI SHAH
Complete fashion solution
BOSS STUDIO
PANKAJ SHAH
9769997949
OSCAR
PREM GROUP
LIFE BEYOND SQ. FT.
(Formerly known as M/s Premji M. Gada)
J.M. Kothari & Sons
હિરાલાલ મૃગ પરિવાર
Kamlesh
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
અન્નદાન – મહાદાન
@ હેપી ફીજ
સંપર્ક : 79771 17894
PC
Pankaj Chheda
93210 77077
Pankajbhai
BONROCK SERVICES
LIAISONING & GUIDANCE IN
DHARMESH DANCE STUDIO
Stitch-Ell GENT'S BOUTIQUE
IN TIME TOURS
સંધ્યાબેન અરૂણ ભીડે
માતુશ્રી મણીબેન જેરામ પોપટ પરિવાર
મોટી ભાડઈ(માંડવી-કચ્છ)
Tickets available on book my show Also....
સંપર્ક : 9322257731 • 9769305488


Click Here

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894


# ગુર્જરમાત


/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



PRIME PEST CONTROL
BMC Approved
Pest Control & Also Services For Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE 80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.



વર્ષ : ૨૭ ● અંક : ૩૧ ● સળંગ અંક : ૧૩૪૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૧ ઓગસ્ટ – ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦



ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st July - 31st December 2024

STAMP FRANKING Now Available

With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

TRADE LOAN
LOAN AGAINST PROPERTY
MORTGAGE LOAN
COMMERCIAL (CRE)LOAN
*8.49% (p.a.)
HOUSE REPAIR
PRE OWNED CAR LOAN
MACHINESE LOAN
COMFORT (CONSUMER DURABLE)

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank

Click Here


सत्यमेव जयते
महाराष्ट्र शासन
नरेंद्र मोदी
प्रधानमंत्री
एकनाथ शिंदे
मुख्यमंत्री
योजना सर्व स्पर्शी ...
गतिमान आणि पारदर्शी !
▪ नमो शेतकरी महासन्मान योजना
▪ मुख्यमंत्री बळीराजा मोफत वीज योजना
▪ मुख्यमंत्री कृषी व अन्न प्रक्रिया योजना
▪ मुख्यमंत्री तीर्थ दर्शन योजना
▪ मुख्यमंत्री माझी लाडकी बहीण योजना
▪ मुख्यमंत्री युवा कार्य प्रशिक्षण योजना
▪ मुख्यमंत्री माझी शाळा सुंदर शाळा
▪ मुख्यमंत्री अन्नपूर्णा योजना
▪ मुख्यमंत्री वयोश्री योजना
▪ मुलींना मोफत व्यावसायिक शिक्षण
अशा अनेक लोकहिताच्या योजना शासनाने हाती घेऊन प्रगतीचा वेग वाढविण्यात यश मिळवले आहे.
स्वातंत्र्य दिनाच्या हार्दिक शुभेच्छा!
देवेंद्र फडणवीस
उपमुख्यमंत्री
एकनाथ शिंदे
मुख्यमंत्री
अजित पवार
उपमुख्यमंत्री
ROC NO 2024/25 / No 5/ D 2001 dated 14th August 2024.
www.mahasamvad.in
MaharashtraDGIPR
MahaDGIPR
माहिती व जनसंपर्क महासंचालनालय, महाराष्ट्र शासन

Click Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

New Collection in Festival Season
M to 10 XL કુર્તી, કુર્તી-પેન્ટ સેટ, વેસ્ટર્ન ટોપ, વેસ્ટર્ન ગાઉન, પેન્ટ, જેગીન, પાયજામા, ટી શર્ટ, લેડીઝ નીકર બધામાં નીત-નવિન વેરાયટી જોવા આજે જ મુલાકાત કરો.
Hemangi Dedhia
9987897979

વર્ષ : ૨૭ • અંક : ૩૧ • સળંગ અંક : ૧૩૪૭ • મુંબઈ • બુધવાર • તા.૨૧ ઓગસ્ટ - ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂ.૫.૦૦

## મુલુંડ IMA દ્વારા કોલકાતાની મહિલા ડોક્ટર પર બળાત્કાર, હત્યાના વિરોધમાં મૌન રેલી અને એક દિવસનો બંધ પળાયો





ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ની મુલુંડ શાખા દ્વારા શનિવાર ૧૭મીઓગસ્ટ ૨૦૨૪ના રોજ કોલકાતાની RG કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ નિવાસી ડોક્ટર સાથે જઘન્ય બળાત્કાર અને હત્યાના વિરોધના પ્રતિક રૂપે એક મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

IMA રાષ્ટ્રીય સંસ્થા દ્વારા તમામ ડોકટરોની રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરવામાં આવી હતી અને તેને મુલુંડ IMA તેમજ IDAના ડેન્ટિસ્ટ અને ફિઝિયોથેરાપિસ્ટ દ્વારા જોરદાર સમર્થન આપવામાં આવ્યું હતું.

આ મૌન રેલી સવારે ૧૦ વાગ્યે પી.કે.રોડ પર કાલિદાસ (અનુસંધાન ૭મા પાને)

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
1080 ફુટ કારપેટ
3 BHK ઝવેર રોડ
ખાતે નવી બિલ્ડીંગમાં
2 પાર્કિંગ સાથે વેચવાનો છે
8169222044

SHUBH EVENTS
શુભ ઈવેન્ટ્સ
FESTIVAL SPECIAL
Saturday
24th August 2024
Time : 11.00 am to 8.00 pm
Venue : Sarswatwadi, Zaver Road, Mulund (W), Mumbai - 400080.
Stall Rate Rs.850/-
It has various stall of home products Shirt, Kurta, Cakes, Dress, Jewellery etc. Also gives opportunity to small business owners to grow more for more enquires revert on the following No.
NEETA GANDHI - +91 81693 03078 97736 78988

કિંજલ ફૂડ
વિદેશમાં ઉપયોગી રેડી ટુ ઈટ, ડીહાઈડ્રેટેડ, ફ્રીઝડ્રાઈડ, ફ્રોઝન ફૂડ માટે વ્યાપારી પૂછપરછ આવકાર્ય તેમજ ભારતમાં પ્રવાસ દરમિયાન ટ્રેન-એરપોર્ટ ઉપર ફ્રેશ જૈન વેજ/સાત્વિક ફૂડ
92215 06127
website : www.kinjalfood.com


Bake Live Studio
MULTIGRAIN BREADS
BREADS ARE NON-NEGOTIABLE, MAKE HEALTHIER CHOICES WITH US!
• More Healthier
• Rich in Fibre & Protein
• No Maida
• Low in Sugar & Fat
• Clean Label
• 100% Multigrain Breads
Images Used Are For Representation Purposes Only
ENJOY FRESH, WARM BREAD DELIVERED EVERY DAY FROM 8AM TO 11PM
Order Now!
Available on pre-order*
Scan here to view our bread range!
*T&Cs Apply.
Girgaon Chowpatty- 08591306565 Colaba - 9029343535 Mulund- 08591407575



Sangeet | Reception | Gala Night | Haldi - Mehendi
Lagna Lakhan | Wedding | Social & Religious event
80 to 800 capacity | Ample Parking | 2 mins. walk (Mulund Rly.Stn)
Luxurious Decor | Finest Caterers on board
"Introducing all inclusive banquet packages!"
To know more +917532060708
THE PALACE BANQUETS
Most Loved Banquet 4.5/5

Click Here

# WHO દ્વારા આંતરરાષ્ટ્રીય આરોગ્ય કટોકટી તરીકે જાહેર કરાયેલા મંકીપોક્સથી સાવધાન!



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

ભારત સહિત સમગ્ર વિશ્વ હજી કોરોના મહામારીની મારમાંથી બેઠું થઇ રહ્યું છે ત્યાં વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ આફ્રિકાના કેટલાક ભાગોમાં મંકીપોક્સની બિમારી ફાટી નીકળવાને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાજનક આરોગ્યની કટોકટી જાહેર કરી છે. મંકીપોક્સ નામે ઓળખાતો આ અત્યંત ચેપી રોગ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (ડીઆર કોંગો) માં ફાટી નીકળવાના પ્રારંભે જ ઓછામાં ઓછા ૪૫૦ લોકો માર્યા ગયા છે. હવે મંકીપોક્સ મધ્ય અને પૂર્વ આફ્રિકાના અમુક ભાગોમાં પણ ફેલાયો છે. રોગનો આ નવો પ્રકાર જે ઝડપે વિશ્વમાં ફેલાઈ રહ્યો છે અને તેના ઊંચા મૃત્યુદરથી આરોગ્ય ક્ષેત્રમાં કામ કરતા વિજ્ઞાનીઓ ચિંતિત છે.

ઠંઇંઘ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ રોગ સમગ્ર આફ્રિકામાં અને તેનાથી આગળ ફેલાવાની સંભાવના વધુ હોવાથી તે ચિંતાજનક બાબત છે. વધુમાં WHO દ્વારા કહેવામાં આવ્યું છે કે મંકીપોક્સના પ્રકોપને રોકવા આંતરરાષ્ટ્રીય પ્રયાસો જરૂરી છે. તેના લક્ષણો ફ્લુ જેવા હોય છે અને તેમાં ચામડી ઉપર ફોલ્લા થાય છે અને તે જીવલેણ સાબિત થઇ શકે છે. આ રોગના પ્રત્યેક ૧૦૦ દર્દીઓમાંથી ૧૦ દર્દીઓનું મૃત્યુ થાય છે. રસીઓ (વેક્સિન્સ) વડે મંકીપોક્સનો ચેપ પ્રસરતો અટકાવીને તેને નિયંત્રિત કરી શકાય છે. જો કે હાલ આવી વેક્સિનસ જોખમ ધરાવતી વ્યક્તિઓ માટે અથવા ચેપગ્રસ્ત દર્દીના ગાઢ સંપર્કમાં હોય તેવા લોકો માટે જ ઉપલબ્ધ છે.

મંકીપોક્સ એ વાયરસ દ્વારા થતો રોગ છે. આ વાયરસ શીતળાના વાયરસ જેવો જ છે, પરંતુ તે શીતળાથી ઓછો નુકસાનકારક છે. આફ્રિકાના ઉષ્ણકટીબંધીય વરસાદી જંગલોના અંતરિયાળ ગામડાંઓમાં, ડીઆર કોંગો જેવા દેશોમાં તે સૌથી સામાન્ય છે. આ પ્રદેશોમાં દર વર્ષે હજારો કેસ અને સેંકડો મૃત્યુ આ રોગને કારણે થાય છે. તેમાં ૧૫ વર્ષથી ઓછી વયનાં બાળકો સૌથી વધારે અસરગ્રસ્ત હોય છે. આફ્રિકા સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના જણાવ્યા મુજબ, ૨૦૨૪ના પ્રારંભથી જુલાઈના અંત સુધીમાં મંકીપોક્સના ચેપના ૧૪,૫૦૦થી વધુ કેસ અને ૪૫૦થી વધુ મૃત્યુ નોંધાયાં હતાં. ૨૦૨૩ના એ જ સમયગાળાની સરખામણીમાં ચેપના પ્રમાણમાં ૧૬૦ ટકા, જયારે મૃત્યુના પ્રમાણમાં ૧૯ ટકાનો વધારો થયો છે.

હાલ મંકીપોક્સના ૯૬ ટકા જેટલા કેસ ડીઆર કોંગોમાં છે, પરંતુ તેનો પ્રસાર બુરુન્ડી, કેન્યા, રવાન્ડા અને યુગાન્ડા જેવા ઘણા પાડોશી દેશોમાં ફેલાઈ રહ્યો છે. આ દેશોમાં મંકીપોક્સ સ્થાનિક રોગ નથી. ડીઆર કોંગોમાં મંકીપોક્સની વેક્સિન્સ અને સારવાર આસાનીથી ઉપલબ્ધ નથી તથા આરોગ્ય અધિકારીઓ આ રોગના પ્રસારથી ચિંતિત છે. નિષ્ણાતો કહે છે કે મંકીપોક્સનો નવો પ્રકાર વધુ સરળતાથી ફેલાઈ રહ્યો છે તેના કારણે બાળકો અને પુખ્ત વયના લોકોને વધારે ગંભીર રોગ તથા વધુ મૃત્યુ થઇ શકે છે. આ વાયરસ મૂળભૂત રીતે પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાતો હતો, પરંતુ હવે માણસથી માણસમાં ફેલાઈ રહ્યો છે.

ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે કોઈ પણ પ્રકારનો ત્વચાથી ત્વચાનો સંપર્ક, દર્દી સાથે નજીકથી વાતચીત કરવાથી અથવા શ્વાસ લેવા જેવા નજીકના સંપર્કથી મંકીપોક્સફેલાય છે. આ વાયરસ ત્વચા પરના ચીરા, શ્વસનમાર્ગ, આંખો, નાક અથવા મોં દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે. તે દર્દીની પથારી, કપડાં અને ટુવાલ જેવી વાયરસથી દુષિત વસ્તુઓને સ્પર્શવાથી પણ ફેલાય છે. વાંદરા, ઉંદર અને ખિસકોલી જેવા ચેપગ્રસ્ત પ્રાણીઓના નજીકના સંપર્કથી પણ તે ફેલાઈ શકે છે. અનેક પાર્ટનર્સ સાથે જાતીય સંબંધ ધરાવતા લોકોને પણ આ રોગ થવાનું જોખમ હોય છે. મંકીપોક્સના દર્દી સાથે ગાઢ સંપર્કમાં આવતી વ્યક્તિને તેનો ચેપ લાગી શકે છે, તેમાં હેલ્થ વર્કર્સ દર્દીના પરિવારજનોનો પણ સમાવેશ થાય છે. મંકીપોક્સનો ચેપ લાગ્યો હોય તેવી વ્યક્તિથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. મંકીપોક્સનો ચેપ લાગ્યો હોય તેવી વ્યક્તિએ તેમના બધા જખમ રુઝાઈ ન જાય ત્યાં સુધી અન્ય લોકોથી અલગ રહેવું જોઈએ. ઠંઇંઘના કહેવા મુજબ મંકીપોક્સથી ગ્રસ્ત વ્યક્તિ સાજી થઇ જાય પછી પણ કોઈ પણ પ્રકારનો ત્વચાથી ત્વચાનો સંપર્ક ન કરવો જોઈએ. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો દરમ્યાન ફરજિયાતપણે માસ્ક પહેરવાની ભલામણ કરવામાં આવી છે.

પશ્ચિમી દેશોમાં જવલ્લે જ જોવા મળતી આ બીમારીના કેસ નોંધાયા છે. યુકે (વેલ્સ) તથા યુએસએ (ટેક્સાસ)માં તેના કેસ નોંધાયા છે. આ ઉપરાંત પાકિસ્તાન અને સાઉદીમાં પણ મંકીપોક્સના કેસ નોંધાયા છે એટલે કે એશિયામાં પણ તેણે તેનો પગપેસારો કર્યો છે તેથી હવે કોરોનાની મહામારીમાંથી બોધપાઠ લઈને ભારતએ વધુ સાવધાન રહેવાની જરૂર છે.

# ગુર્જરમાત પ્રસ્તુત શ્રી કૃષ્ણ લીલાની દ્વિતીય વર્ષે રજૂઆતમાં વિશેષ આકર્ષણમાં નવા પ્રસંગો અને નવા ગીતોનો સમાવેશ :

## જે યુવાનો અને બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે




ગત વર્ષે તા.૬ સપ્ટેમ્બરના પ્રથમવાર ભવ્યપણે શ્રી કૃષ્ણ લીલાની પ્રસ્તુતિ કરાઈ હતી. જેને પ્રેક્ષકોએ ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી અને નવતર આયોજનની પ્રશંસા કરી હતી. દર વર્ષે આ પ્રસ્તુત થાય એવી પ્રેક્ષકોએ ઈચ્છા દર્શાવી હતી. ખાસ કરીને કિશોર, તરૂણો અને યુવા પેઢીને માટે તેમનામાં ધર્મ, જ્ઞાનની જાગૃતિ થાય અને ગીત-સંગીત અને દ્રશ્ય શ્રાવ્યની અસર ચિત પર જડબેસલાક થાય છે એવું જણાવ્યું હતું. આ માંગણી ઈચ્છાને અનુરૂપ ફરીવાર આ વરસે એટલે દ્વિતીય વર્ષે ગત વર્ષના લીલા પ્રસંગો, ગીતો અને દ્રશ્ય શ્રાવ્યનો સમાવેશ તો છે જ આ ઉપરાંત નવા પ્રસંગો લીલાઓનો ઉમેરો કરાયો છે. જે નવું આકર્ષણ બની રહેશે એવો વિશ્વાસ સંચાલિકા હિના ઠક્કર એ વ્યક્ત કર્યો છે.

હિના ઠક્કર અને સાથી કલાકારોને સંગે ગીત-સંગીત અને નૃત્યના સથવારે શ્રી કૃષ્ણ લીલા દ્વિતીય વર્ષની પ્રસ્તુતિ તા.૨૬ ઓગસ્ટ સોમવારે રાતે ૯ કલાકે કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડમાં થશે. આ કાર્યક્રમ જોવા-માણવાનો અવસર ચૂકવા જેવો નથી. **ગ્રુપ બુકીંગ માટે સંપર્ક : ૯૩૨૨૨૫૭૭૩૧, ૯૭૬૯૩૦૫૪૮૮.**

**ગુર્જરમાત**
**પ્રસ્તુત શ્રી કૃષ્ણ લીલા**
**નવા આકર્ષણના ઉમેરા સાથે**
**ભવ્ય પ્રસ્તુતિ જોવા સૌ આવો છો ને?**
**ધર્મ-સંસ્કૃતિની ગીત સંગીત અને દ્રશ્ય શ્રાવ્ય દ્વારા અનન્ય પ્રસ્તુતિ**
**શ્રી કૃષ્ણ લીલા**
**દ્વિતીય વર્ષ.**

## મુલુંડ IMA દ્વારા ડોક્ટર પર બળાત્કાર, હત્યાના વિરોધમાં મૌન રેલી... (પહેલા પાનેથી ચાલુ)








સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી શરૂ થઈ હતી.

લગભગ ૧૫૦-૨૦૦ ડોકટરો, દંત ચિકિત્સકો અને ફિઝિયોથેરાપિસ્ટ આરોગ્ય વ્યવસાયિકો સામેના ગુનાનો વિરોધ કરતા બેનરો અને પ્લેકાર્ડ સાથે ભેગા થયા હતા. રેલીનું નેતૃત્વ મુલુંડ IMAના પ્રમુખ ડો. સંજય શાહ અને મુલુંડના એક વરિષ્ઠ ચિકિત્સક ડો. નવીન



દાવડાએ કર્યું હતું. બધાએ કાળી રિબિન બાંધી હતી અને કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી નેતાજી સુભાષ રોડ પર મુલુંડ પોલીસ સ્ટેશન સુધી મૌન રેલી કાઢી હતી.

પોલીસ સ્ટેશનમાં વરિષ્ઠ પોલીસ નિરીક્ષકને એક આવેદન પત્ર રજૂ કરવામાં આવ્યો હતો અને બીજો પત્ર મુંબઈ ઉત્તર-પૂર્વના સાંસદ શ્રી સંજય પાટીલને મોકલવામાં આવ્યો હતો જેમાં કોલકાતા બળાત્કાર અને હત્યા કેસના ગુનેગારો સામે કડક પગલાં લેવાની અને આરોગ્ય ક્ષેત્રમાં ફરજ બજાવતા ડોક્ટર્સ તેમ જ કર્મચારીઓની સુરક્ષા માટે કેન્દ્રીય અધિનિયમના અમલની માંગણી કરવામાં આવી હતી.

IMA રાષ્ટ્રીય સંસ્થાના નિર્દેશ મુજબ, શનિવાર, ૧૭મી ઓગસ્ટના રોજ મુલુંડની તમામ હોસ્પિટલો અને ક્લિનિક્સ બંધ રહ્યા હતા અને માત્ર ઈમરજન્સી સેવાઓ જ ખુલ્લી રાખવામાં આવી હતી.

Click Here

# ANNUAL SALE

Manoranjan®

SINCE 1960

UPTO 50%* OFF

- Sarees
- Chanya Choli - Churidaar
- Designer Lehenga's
- Kurtis - Tunics
- Party Gowns
- Dress Material

6000 sq.ft. Ethnic Collection*

CALL: 90815 75859

Paanch Rasta, Mulund (West)

Thursday's Open During Sale

*T&C Apply

Click Here

# રાકેશ શેટ્ટીના પ્રયાસોના પગલે મુલુંડના ૨૭ હજાર વનવિભાગ રહેવાસીઓનું સ્થળાંતર અટક્યુ હતું









વર્ષ ૨૦૧૩માં વન વિભાગ મુલુંડના ૨૭ હજાર રહેવાસીઓના ઘર તોડવા સજ્જ થયું હતું. તેઓનું અત્રેથી સ્થળાંતર કરી ચાંદીવલીમાં પુનવર્સન કરવાનું આયોજન હતું. તેઓને આમાંથી મુલુંડ વિધાન સભા મતદાર સંઘના સંનિષ્ઠ આગેવાન રાકેશ શેટ્ટીના સવેળાના પ્રયત્નોને લીધે બચાવ થયો હતો અને વન વિભાગ પોતાની કાર્યવાહી સ્થિગત રાખી હતી.

અહીંના રહેવાસીઓના મન મગજ ઉપર આ બનાવની તાદૃશ્ય યાદગીરી અગિયાર વર્ષ પછી પણ જળવાઈ રહી છે.







## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા નવા નાટક : એકલવ્યની પ્રસ્તુતિ

જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ દ્વારા બીજો પ્રોગ્રામ બુધવાર, તા. ૨૮ ઓગસ્ટના રાત્રિના ૯ કલાકે કાલિદાસ નાટયમંદિર ખાતે સુપરડુપર ખૂબ જ વખણાયેલું નાટક 'એકલવ્ય' રાખેલ છે. આ નાટક ખૂબ જ સુંદર છે. તારીખ નોંધી રાખશો. બહારગામ, પ્રવાસ પરદેશગમન વગરેના પ્રોગ્રામોનો લાભ લેવા ગ્રુપમાં ડિસ્કાઉન્ટ સાથે આમંત્રણ છે. તો ઈન્ટરનેશનલ જૈન સોશ્યલ ગ્રુપમાં તુરંત સભ્ય બની જવા નમ્ર વિનંતી પ્રમુખ-જયંતીલાલ મૈશેરી: ૯૮૧૯૭૪૮૨૫૦, માનદ્ મંત્રી- દિલીપભાઈ શેઠ ૯૮૨૦૬ ૯૬૮૪૮, શ્રીમતી ડિમ્પલબેન કોરડિઆ - ૯૮૬૯૬ ૬૦૨૯૦.

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા ફેડરેશન ડેની ઉજવણી



ગુરૂવાર, તા.૧૫મી ઓગસ્ટના જૈન સોશિયલ ગ્રુપ મુલુંડ દ્વારા ૪૬૦ થી વધુ સભ્યો સાથે ફેડરેશન ડેની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ પ્રસંગમાં JSGIF સંગિની બોમ્બે રીજનના કન્વીનર JSGian ગીતાબેન શાહ, જેએરાજીઆઈએફ બોમ્બે રિજન જોન કોઆર્ડિનેટર/ડાયેટ કન્વીનર/મંગલપાત્રા કોઓર્ડિનેટર JSGian ડિમ્પલબેન કોરડિયા, બોમ્બે રિજન SPL આમંત્રિત વીરેન્દ્રભાઈ શાહ અને JSG મુલુંડની ટીમ સૌની હાજરીએ કાર્યક્રમને શોભા આપી હતી. તમામ સભ્યોએ એક થઈને આ દિવસને યાદગાર બનાવ્યો અને જૈન સમાજની એકતા અને સમર્પણનું પ્રતિક સાબિત કરી હતી.








Click Here

# ક્લાસિફાઈડ્સ

**ખાસ નોંધ**

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

**ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂ. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂ. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂ.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : 9322257731

gurjarmat@gmail.com

www.facebook.com gurjarmat

www.gurjarmat.com

**Display Advt. Rates**

First colour Page Rs.40/- Per Sq.cm.

Last colour Page Rs.32/- Per Sq.cm.

Inner Colour Page Rs.24/- Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## મહિલા માટે

**1+1 Free**

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

**આપના વ્યાપારની સોશ્યલ મિડીયામાં જાહેરાત માટે સંપર્ક 9322257731**

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## ટૂર અને ટ્રાવેલ્સ

**પિતૃ તર્પણ**

સિધ્ધપુર અને ગયાજી (બિહાર) સપ્ટે, નવેમ્બર પેકેજ. **ઉદય ડી.જોષી** (નખત્રાણા-કચ્છવાળા) **9324615113** 6292 (1348)

## જગ્યા સંબંધી

**Oberoi Eternia**

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1384)

**Oberoi Enigma**

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1384)

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

**મુલુંડ (વેસ્ટ)માં ફ્લેટ વેચવાનો છે**

**3 BHK, કારપેટ 1167, 801, મુલદીપ કો.ઓ.હૌ.સો. વાલજી લધા રોડ**

**સંપર્ક : 9021163244**

વનબેડ 459 કારપેટ પી.કે. રોડ 1.08, 366 કારપેટ 89/૨ બેડ ફર્નિશ્ડ જે.એન.રોડ 160 (145 સુધી શક્યતા) 3 બેડ બી.પી.ક્રોસ રોડ 775, 180, 935 + 100, 260 (240 શક્યતા) પ્રીમીયમ ૩ બેડ ફર્નિશ્ડ ૨ પાર્કીંગ 1130, 4.2 CR. LBS/4 બેડ બી.પી.ક્રોસ રોડ, 1750, 440, બાલરાજેશ્વર મંદિર નજીક 1800, 575 ફર્નિશ્ડ /૩ બેડ ભાડે ઝવેર રોડ 75, પી.કે.રોડ, આર.એચ.બી.રોડ 60/ઈન્ડ.યુનીટ ગ્રા. 1135, 180/, વેચાણથી વનરૂમ કીચન વન બેડ બનેલું 72, 55/ ડબલ રૂમ 42, ઓફિસ 1160 કારપેટ 240 વેચાણથી, તેમજ ફાયદાથી ઘણા ઓપશન, વેચાણ બ્રોકરજ ૧% ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 98211 80931, 87794 41915** 131 (1382)

## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 257 (1348)

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

**મામલ ફુડસ**

શ્રાવણ માસ માટે ફરાળી ખાખરા, ભાખરી ચકરી, ફુલવડી, વેફર, રતાળુ, ચેવડો, પેંડા, ગુલાબ પાક. સંપર્ક : **86938 35501** 063 (1354)

**સનસાઈન કવર્સ**

ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું (Home Visit Charge Extra). **આલમ - 98924 44413 / 9892444436 શબ્બીર-9821702633 નીરજ-9967799747** 492(1348)

## ધંધાકીય

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 0973040287 9, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491(1357)

## નોકરી સંબંધી

**TRAINING**

BUILD ELEGANT PERSONALITY Get Trained to be a Winner by **Abhijit Sir - 98674 89566** Mulund 6685 (1346)

**Required Urgently**

Worker Required Helper Lathe Operator Thane (W). N.S.Industries, Gala No.C-5, 1st Floor, LBS Marg, Nandan Industrial Estate, Thane (W)-400 604. Contact : **7506251088, 9137508573** 496 (1349)

**એકાઉન્ટ્સ**

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટ્સ, જી.એસ. ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : **9773661090**

**નવું એડ્રેસ**

**બિલ્ડીંગ રી-ડેવલપમેન્ટમાં ગયું હોવાથી**

બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે), મુંબઈ-૮૦.

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**

**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

*છાયું જીવને*
*દેખાડાના ઘુંઘટે*
*અંધારપટ.*

*ઝૂકે છે ડાળી*
*હ્રદયના વૃક્ષની?*
*સ્નેહ-પ્રેમથી.*

*કાપી નાખવો,*
*જેવો અંકુર ફૂટે*
*અભિમાનનો.*

*તૂટી પડે જો*
*વરસાદ? જોડાઈ*
*જાય છે મન.*

*ચડવું ખૂબ*
*સહેલું, ઉતરવું?*
*અઘરું કામ.*

*તું રવિ ને હું*
*કિરણ, પ્રકાશશે*
*પ્રેમની જ્યોત.*

**હાઈકુ**



કવિયત્રી
મંજુલા રાંભિયા

**મુલુંડ (વેસ્ટ)માં વેચાણથી**

- 2 BHK, 900 કારપેટ ટેરેસ સાથે, પહેલે માળે + ૧ પાર્કિંગ
- હાયર ફ્લોર, 4 BHK લેવીશલી ફર્નિશ્ડ ફ્લેટ, ૧૮૦૦ કારપેટ + ૨ પાર્કિંગ
- લોકેશન : જૈન દેરાસરની સામે, સંગીતા એન્કલેવ, પોશ બિલ્ડીંગમાં, જૈન સ્થાનકની બાજુમાં.

**સંપર્ક : 98200 67461**

Click Here

# વિધાન સભ્ય મિહિર કોટેચાને જન્મ દિવસની શુભેચ્છા આપવા લોકો મોટી સંખ્યામાં પધાર્યા

તા.૧૮ ઓગસ્ટ રવિવારના મુલુંડના વિધાન સભ્ય મિહિર ચંદ્રકાંત કોટેચા જન્મ દિવસની ઉજવણીનો કાર્યક્રમ કાલિદાસ મેરેજ હોલમાં રખાયો હતો. જેમાં અનેક સમાજ અગ્રણીઓ વિવિધ સંસ્થાના પદાધિકારીઓ, પૂર્વ નગરસેવકો સહિત ભાજપના કાર્યકર્તાઓ સહિત તેમની ટેકેદાર સામાન્ય જનતા મોટી સંખ્યામાં ઉમટી હતી અને પુષ્પગુચ્છ, મોમેન્ટો, ગીફ્ટ આપી તેમને અભિનંદન આપી કુશળ આરોગ્યની શુભકામના આપી હતી.

પૂર્વ ધારાસભ્ય શ્યામ સાવંત, મંગેશ સાંગલાજી, મનસે અગ્રણી સત્યવાન દળવી, પૂર્વ સાંસદ કિરીટ સોમૈયા, પૂર્વ નગરસેવક નીલ સોમૈયા, વિનાયક કામત, દીપક દળવી, ભૂ.પૂર્વ નગરસેવિકા સમિતા કાંબળે, સમાજસેવક અને જીવન જ્યોત ટ્રસ્ટના હરખચંદ કે.સાવલા ઈત્યાદી અગ્રણીઓએ પણ રૂબરૂ શુભેચ્છા આપી હતી.

જન્મદિવસ અવસરે સેવા કાર્ય કરતા મિહિર કોટેચાએ જીવન જ્યોત વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી કેઅર ઓલ્ડ એજ હોમની મુલાકાત લઈ વડીલોને ફ્રુટ ઈત્યાદી આપ્યા હતા અને ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અને હોસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ વિતરણ કરી તેમના સ્વસ્થ જીવનની કામના કરી હતી.





















Click Here

# ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની મુલુંડ પોલીસ સ્ટેશનમાં ઉજવણી





ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે મુલુંડ પોલીસ સ્ટેશનમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુલુંડ પોલીસ સ્ટેશનના ડિસીપી, એસીપી, સિનીયર પીઆઈ સહિત પોલીસના અધિકારીઓ સાથે સમાજશ્રેષ્ઠી પંકજભાઈ છેડાની વિશેષ હાજરી હતી.

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

Prime Location Devidayal
Sold Out
~~2 BHK 600 cpt @ 1.40 cr.~~
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
90226 87343
83697 71377




# દ્વારકા હાઈવે પર થયેલા ગમખ્વાર એક્સિડન્ટમાં મુલુંડના હોનહાર કચ્છી લોહાણા યુવાનનું મૃત્યુ





મુલુંડ-વેસ્ટમાં એન. એસ. રોડ પર પુરુષોત્તમ ખેરાજ બિલ્ડિંગમાં રહેતા કચ્છી લોહાણા જ્ઞાતિના વિરલ સતીષભાઈ આઈયા (૩૩)નું ગુજરાતમાં દ્વારકા પાસે હાઇવે પર હંજિયાખડી ગામ નજીક રવિવારે અકસ્માત થતાં મૃત્યુ થયું હતું, જ્યારે તેની સાથે કારમાં મુસાફરી કરનાર વિનય શાહ અને યુગલ જિન્દલને ગંભીર ઈજા થઈ હતી. દ્વારકા હાઇવે પર પડેલા મોટા ખાડાને કારણે વિરલની કાર આઠ વખત પલટી ખાઈ ગઈ હતી.

આ ઘટના અંગે જામ ખંભાળિયા પોલીસ-સ્ટેશનના આસિ. પોલીસ ઇન્સ્પેક્ટર હમીર ચાવડાનાજણાવ્યા પ્રમાણે શનિવારે સવારે વિરલ, વિનય અને યુગલ ગાંધીધામથી સોમનાથના દર્શન કરવા માટે નીકળ્યા હતા.રવિવારે સવારે સોમનાથ મંદિરે દર્શન કર્યા બાદ તેઓ દ્વારકા મંદિર પહોંચ્યા હતા. દર્શન કર્યા બાદ ત્રણે મિત્રો બપોરે ૧ વાગ્યે પાછા ગાંધીધામ જવા માટે નીકળ્યા ત્યારે વિરલ કાર ચલાવી રહ્યો હતો. હંજિયાખડી ગામ નજીક વૈદેશ્વર આશ્રમ પાસે હાઇવે પર પડેલા મોટા ખાડામાં વિરલનો સ્ટિયરિંગ પરથી કાબૂ જતાં કાર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત થયેલો જોઇને ત્યાં ભેગા થયેલા લોકોએ ત્રણેય જણને કારમાંથી બહાર કાઢીને ઍમ્બ્યુલન્સમાં જનરલ હૉસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં યુગલ અને વિરલને સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી, પણ ડૉક્ટરોએ વિરલને મૃત્યુ પામેલો જાહેર કર્યો હતો. અકસ્માત વખતે વિરલ કાર ડ્રાઇવ કરતો હોવાથી પોલીસે તેની સામે ફરિયાદ નોંધી છે.

આ બાબતે વિરલના મોટા ભાઈ ધવલે કહ્યું હતું કે, 'ખાડાને કારણે વિરલની કાર આઠ વખત પલટી ખાઈ ગઈ હોવાથી ખાડાએ જ મારા ભાઈનો જીવ લીધો છે, એટલું જ નહીં, અકસ્માત બાદ મારો ભાઈ દોઢ કલાક સુધી હાઈવે પર પડ્યો રહ્યો હતો. રવિવારે જ્યારે આ ગોઝારો અકસ્માત થયો એની ૧૫ મિનિટ પહેલાં વિરલની મારી સાથે વાત થઈ હતી. દ્વારકાધીશનાં દર્શન કરીને તે ખૂબ ખુશ હતો. મને અકસ્માતની માહિતી મળ્યા બાદ મેં ત્યાંના સ્થાનિક પ્રશાસન પાસેથી મારા ભાઈની તબિયત અંગે જાણવા માટે ઘણી કોશિશ કરી, પણ કોઈ માહિતી નહોતી મળી શકી. છેવટે મેં મારા એક સંબંધીને અકસ્માતના સ્થળે મોકલાવ્યો હતો. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે વિરલના મિત્રોને ઍમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પણ વિરલ મૃત્યુ પામ્યો હોવાથી તેને ત્યાં જ છોડી દેવાયો હતો એટલે મારા સંબંધી છકડા રિક્ષામાં વિરલને હૉસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં પણ ડૉક્ટરોની હડતાળ હોવાથી અમને બધી વિધિ પૂરી કરવામાં બહુ સમય લાગ્યો હતો. સોમવારે અમે તેની અંતિમક્રિયા કરી હતી.'

બુક્સ તેમજ સ્ટેશનરીની દુકાન માટે અનુભવી તથા બીન અનુભવી સેલ્સમેન તથા સેલ્સ ગર્લ્સ જોઈએ છે.
Contact : Mr. Karan
M.8369616748
JYOTI STORES
એમ.એમ. રોડ, સમૃદ્ધિ હોલની નીચે, મુલુંડ (વે.)


જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીઝનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549

મેડીક્લેઈમ પોલીસી
ફેમીલી ફ્લોટર મેડીક્લેઇમ પોલીસી ૫ લાખથી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે.
વધુ વિગત માટે સંપર્ક
દીલીપભાઈ-91366 21227

PART TIME JOB
IN MULUND
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+ PF + Medical + Foreign Tour
Call: 98199 11819




Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૨૧ ઓગસ્ટ – ૨૭ ઓગસ્ટ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** આગામી થોડા દિવસ કોઈપણ પ્રકારનું ઘર્ષણ ટાળવાની સલાહ છે. પરિવારના અગત્યના મુદ્દાઓ પર ચર્ચા દ્વારા નિરાકરણ લાવી શકશો એમ દેખાય છે. જીવનમાં મુશ્કેલીના સ્થાને ખુશીઓ લાવવા દૈવી માગદર્શન માટે પ્રાર્થના કરવાનો સમય છે. એક વળગણમાંથી છુટકારો મેળવવો તમારી માટે બહુ જ જરૂરી છે. કરેલા કાર્યોનું એવોર્ડ અને કદરના રૂપમાં વળતર મળતા ખુદની શક્તિમાં વિશ્વાસ દૃઢ બનશે. શરૂ થઈ રહેલા સુવર્ણ સમયની આ તો હજુ શરૂઆત છે. આર્થિક અને ભાવનાત્મક સલામતી પ્રાપ્ત થશે એ માટેના જોરદાર પ્રયત્નો ચાલુ રાખો. થોડા દિવસ મિત્રો પણ અગ્રસ્થાને રહેશે. કેટલાક મિત્રોને મળવા શહેર કે પરદેશ જવાનો પ્રસંગ ઊભો થશે. **સ્ત્રીવર્ગ માટે :** બિઝનેસ અને મૈત્રીની ભેળસેળ ન કરો.

**વૃષભ (બ,વ,ઉ) :** ધૂંધવાઈને બેસી રહેવાને બદલે મુશ્કેલીનો સામનો કરો. નવેસરથી આંતરસૂઝ કેળવવા તમારી શક્તિ અને નબળાઈઓનું ઉદ્દેશાત્મક મૂલ્યાંકન કરો. કરીઅરમાં આગળ વધવાનો સમય શરૂ થઈ ગયો છે. પરિવારના સર્પોટથી વધુ ઊંચાઈને સહેલાઈથી આંબી શકશો એમ દેખાય છે. જોકે સ્પષ્ટ પરિણામ દેખાતા થોડો સમય તો લાગશે. બિઝનેસમાં કેટલાક નવા પરિચયો થશે અને એમાંના કેટલાક પાસેથી થોડો ઘણો બિઝનેસ પણ મેળવી શકશો. ઈશ્વરમાં શ્રધ્ધા રાખો અને ભૂતકાળમાં ખોવાયેલા રહી નસીબને દોષ દેવાને બદલે તમને જે મળ્યું છે એમાંથી સંતોષ માનો એવી મારી સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** જે નિર્ણય લીધો હોય એના પર જ ધ્યાન કેન્દ્રિત રાખો. મનની ચંચળતાને કન્ટ્રોલ કરો.

**મિથુન (ક,છ,ઘ) :** કોઈ અજાણ્યા ભયને કારણે સ્પષ્ટ માર્ગ અપનાવવા મન આનાકાની કરતું હોય તો ચિંતા કરવાની જરૂર નથી. વાસ્તવમાં હતાશા અને અવરોધો તમારા વિચારોની પધ્ધતિમાં બદલાવ લાવીને નવા જીવન તરફ દોરી જશે એમ દેખાય છે. મિત્રોને મળવામાં સહેજ વિલંબની શક્યતા છે. બીજી નોકરી શોધવા વિચારો એવી સંભાવના છે. કદાચ નવી કરીઅર પણ શરૂ કરી શકો છો. લાંબાગાળાના ઈન્વેસ્ટમેન્ટના જાણકાર પ્રોફેશનલની સલાહ લઈ ઓછા જોખમવાળુ રોકાણ કરવાની સલાહ છે. વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે કાળજીપૂર્વક પસંદગી કરવી પડશે. **સ્ત્રીવર્ગ માટે :** તમે ભલાઈની પ્રકૃતિ ધરાવતા હોવાથી આ જન્મમાં શક્ય તેટલા લોકોને સહાય કરવાની વૃતિ રહેશે. પરંતુ અમૂક નિર્ણયોમાં પ્રેક્ટિકલ બનવાની સલાહ છે.

**કર્ક (ડ,હ) :** ઘણી બધી રીતે વર્તમાન સમય વિજયી બનવાનો અને સ્મિત સાથે આગળ વધવાનો છે. જીવનમાં ઘણીબધી શુભ બાબતો બનવાની તૈયારીમાં છે. જોકે એ માટે તમારે થોડી રાહ તો જોવી પડશે. એક સમસ્યાને નવા એન્ગલથી હાથ ધરો, એ સમસ્યાને સમજી જશો એટલે અચાનક નવી તકોના દ્વાર ખૂલી જશે એમ દેખાય છે. કુદરતના ગુપ્ત સ્પંદનો સમજીને આગળ વધો એવી મારી સલાહ છે. એક કાનૂની કેસનો ચુકાદો તમારી તરફેણમાં આવવાની શક્યતા છે. કામકાજ અર્થે લાંબા અંતરનો પ્રવાસ કરવો પડે એવી સંભાવના છે. ઘરમાં નવા પાત્રના આગમનની શક્યતા દેખાય છે. **સ્ત્રીવર્ગ માટે :** મૈત્રી અને સંબંધોમાં વધુ પડતી અપેક્ષા રાખ્યા વિના જેવા હોય તેવા સ્વીકારી લો.

**સિંહ (મ,ટ) :** ભૂતકાળમાંથી ઘણા પાઠ શીખવાને કારણે સહેજ લાગણીશીલ બની ગયા છો. જોકે જીવનમાં કઈ રીતે આગળ વધવું એ વિશે હવે કોઈ મૂંઝવણ નથી. જીવનમાં લગભગ બધા ક્ષેત્રોમાં સુધારો જોઈ શકશો એમ દેખાય છે. જેને ખૂબ ચાહતા હશો એ વ્યક્તિ સાથેના સંબંધો સહેજ પ્રતિકૂળ બન્યા હોય તો સમસ્યાના મૂળમાં ઊતરીને એમાં સુધારો લાવવાનો પ્રયાસ કરો. તમારા પોઝિટિવ અભિગમને કારણે ઉદાસીનતા અને કંટાળા જેવા શબ્દો થોડા વખતમાં ભૂતકાળ બની જશે. આર્થિક પ્રગતિના માર્ગમાં ઊભી થયેલી રૂકાવટો ચમત્કારિક રીતે દૂર થઈ જશે એ નક્કી છે. વાહન લેવાનું વિચારી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** મિત્રોને ઈમોશનલી બ્લેકમેઈલિંગ કરવાની તક ન આપો.

**કન્યા (પ,ઠ,ણ) :** સહેજ અસ્વસ્થતા અનુભવો એવી સંભાવના છે. પરિવારના સભ્યો હાલ તમારી વધુ પડતી ટીકા કરી રહ્યા છે. જોકે તમારી લાગણીશીલતા એમને ઉગ્ર પ્રત્યાઘાત વ્યક્ત કરતા રોકી રહી છે એમ જણાય છે. એક મહત્વના સોદામાં થોડા વિલંબની શક્યતા છે. ઝઘડી રહેલા બે મિત્રો કે પરિચિતો વચ્ચેની સ્થિતિ હાથ બહાર જવાની શક્યતા છે, એટલે બંન્ને વચ્ચે સમાધાનનો પ્રયાસ ન કરો. પાચનતંત્રની કે પેટની કોઈ સમસ્યા હોય તો ડોક્ટરને જલ્દી કન્સલ્ટ કરવાની સલાહ છે. સારી તંદુરસ્તી માટે યોગની પ્રેક્ટિસ કરો. વર્તમાન સમય વાહન ખરીદી માટે સાનુકૂળ છે. **સ્ત્રીવર્ગ માટે :** એક નજીકની વ્યક્તિ પૈસા માગશે. આપતા પહેલા પૂરતો વિચાર કરી લેજો.

**તુલા (ર,ત) :** હાલ તમારી સામે સત્ય આવી જશે અને સાચા શુભેચ્છકો નહી હોય એ લોકો ખુલ્લા પડી જશે એમ દેખાય છે. એક આદતમાંથી છુટકારો મેળવવા વર્તમાન સમય સાનુકૂળ છે અને એ માટેની ઈચ્છાશક્તિ પણ તમે ધરાવો છો. જોકે હમણા થોડો વખત પાર્ટીઓમાં જવાનું ટાળવાની સલાહ છે. એક કાનૂની પરિસ્થિતિને કાળજીપૂર્વક હાથ ધરવી પડશે. બીજા લોકો વિશે ન્યાય તોળવાનું એકદમ સહેલું છે. પરંતુ ખુદને એ પરિસ્થિતિમાં મૂકો અને પછી તમારા વિચારોમાં કેવું પરિવર્તન આવે છે એ જુઓ. ગુમાઈ ગયાનું માનતા હશો એવી કોઈ કીમતી ચીજ મળી આવે એવી સંભાવના છે. **સ્ત્રીવર્ગ માટે :** તમને રસ પડે એવી પ્રવૃત્તિમાં પરોવાઈ જાવ તો સારું.

**વૃશ્ચિક (ન,ય) :** તમને માત્ર ગેરમાર્ગે દોરવાનો ઈરાદો રાખતા હોય એવા લોકો સાથે વધુ પડતું હળવા-મળવાનું ટાળો. નવા મિત્રો અને અમૂક સંબંધીઓ પાછળ સમય ન વેડફો એવી મારી ખાસ સલાહ છે. પૂરતુ આત્મમંથન કર્યા પછી તમારા વિચારો અને માન્યતાઓને અમલમાં મૂકો. શું બોલો છો અને ક્યાં અને કોની સાથે વાત કરો છો એનું બરાબર ધ્યાન રાખો, અન્યથા મુશ્કેલી સર્જાશે. હાલની પરિસ્થિતિને પૂરી પીઢતાથી હાથ ધરો અને તમારા વર્તનમાં બદલાવ લાવવાની જરૂરિયાતને સમજો. વર્તમાન સમયમાં બ્લડ પ્રેશર નોર્મલ રહે એ માટે કાળજી રાખો. **સ્ત્રીવર્ગ માટે :** મનની શાંતિના ભોગે લોકોને ખુશ કરવા પ્રયાસ ન કરો, સમજ્યાને?


**ધન (ભ,ધ,ફ,ઢ) :** ભવિષ્યમાં મહત્વના પુરવાર થનારા લોકો તમારા જીવનમાં પ્રવેશવાની તૈયારીમાં છે. સમયના વર્તમાન ચક્રમાં લક્ષ્યને પ્રાપ્ત કરવા મળતી તકોનો ઊપયોગ કરી લો. તમને ચાહતી કોઈ ખાસ વ્યક્તિ પ્રવાસનું આમંત્રણ આપશે. આગામી સમયમાં મનની શાંતિ મેળવી શકશો અને ઈચ્છા પ્રમાણે જીવનમાં આગળ વધી શકશો એમ દેખાય છે. ઘર બદલો કે અન્ય શહેરમાં સ્થળાંતર કરો એવી શક્યતા છે. અપરિણીતોની મુલાકાત કોઈક રસપ્રદ વ્યક્તિ સાથે થશે. માત્ર ઊમરનો તફાવત નડશે. બહાર ખાવાનું હોય તો ચટણી, સોસ, ગ્રેવી જેવી ચીજો ટાળજો. **સ્ત્રીવર્ગ માટે :** સાચી લાગણીઓને છુપાવો નહીં. કોઈ બાબતમાં દલીલો ટાળવા ખાતર સંમત ન થવાની સલાહ છે.

**મકર (ખ,જ) :** હાલ કામકાજ એક તરફ મૂકીને થોડા દિવસ રજા માણવાનો પ્લાન બની શકે છે. ઓછું બોલશો તો તમારી વાતને લોકો ગંભીરતાથી સાંભળશે અને મુત્સદ્દીપણાથી એક ઘટનાનું પરિણામ તમારી તરફેણમાં પલટાવી શકશો એમ જણાય છે. અત્યારે જ્યાં રહેતા હશો ત્યાંથી દૂર લઈ જતી જોબની એક ઓફર લાભદાયી હોવાથી સ્વીકારી લેવાની સલાહ છે. વિદેશમાં રહેતા એક મિત્ર સાથે સમાધાનની શક્યતા છે. એક સ્વપ્ન સાકાર થશે અને ઈશ્વર પણ તમને સહાય કરી રહ્યો છે એનો એ પુરાવો હશે. નવો મોબાઈલ કે લેપટોપ લેવાનો વિચાર સારો છે. **સ્ત્રીવર્ગ માટે :** આગળ અભ્યાસ કરવાનો નિર્ણય લઈને લાંબા સમયની ઈચ્છા પૂરી કરવાનો સમય છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** નિકટના લોકોને હજુ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છો એમ દેખાય છે. અંતરાત્માના અવાજને ઓળખીને નિર્ણયો લો અને એ મુજબ આગળ વધો એવી મારી સલાહ છે. શહેર બહારના કેટલાક પ્રવાસોમાંથી એકનું અણધાર્યું પોઝિટિવ પરિણામ આવશે. લાંબા સમય પછી એક મિત્ર સંપર્ક કરવા માગતો હોય તો તેના ઈરાદા વિશે શંકાશીલ ન બનો. પોતાનું ઘર વસાવો કે દાંપત્યજીવનમાં પદાર્પણ કરો એવી શક્યતા છે. છેવટે જીવનસાથી મળી જતા મનમાં શાંતિ અને સંતોષનો અનુભવ કરી શકશો. આ સમયમાં વાહન ઝડપથી ન ચલાવો, કોઈ નુકશાન થઈ શકે છે. સોના-ચાંદીમાં રોકાણ લાભદાયી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** તમને ગમે એવી મીઠી વાતો કરતા લોકોથી ભોળવાઈ ન જાઓ.

**મીન (દ,ચ,ઝ,થ) :** મનમાં જે કંઈ હોય એ સ્પષ્ટપણે અભિવ્યક્ત કરવાની તમારી આદત આસપાસના લોકો હવે સ્વીકારતા થઈ ગયા છે. ફુરસદનો સમય શોખની પ્રવૃત્તિ પાછળ ગાળો અથવા થોડા સમયથી એક તરફ મૂકી રાખેલા પરચૂરણ કાર્યો આટોપી લો એવી મારી સલાહ છે. શ્રીમંત વ્યક્તિ, મિત્ર કે પછી તમારી સાથે પ્રોજેક્ટમાં જોડાવા ઈચ્છતા હોય એવા પાર્ટનર પાસેથી આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય સમય છે. ઘરમાં નવેસરથી સજાવટ કરો એવી શક્યતા છે. આગામી થોડા દિવસ અસ્વસ્થતાભર્યા રહેશે. પૂરતી ઊંઘ અને આરામ લેતા રહેજો. શક્તિ વધારવા નિયમિત અંતરે થોડું થોડું ખાતા રહો. **સ્ત્રીવર્ગ માટે :** અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા આંતરસૂઝનો ઊપયોગ કરો.

# Carbon Monoxide Gas Poisoning (કાર્બન મોનોકસાઈડ ઝેર) (CO)



વિશ્વમાં અને ભારતમાં કાર્બન મોનોક્સાઈડ ઝેરથી તાત્કાલિક મૃત્યુ થવાનું એક મુખ્ય કારણ બને છે. આ ગેસ રંગરહિત (colorless), સુગંધરહિત (odourless), સહેજ પણ લ્હાય બળે નહીં (Non-Irritant) હોવાથી તે અત્યંત કાંતિલ ઝેર છે. કુદરતી વાયુ (cooking gas), કોલસા (coal), લાકડા (Wood), ગેસ ગીઝર (Gas Geyer), વાહનનોના સાયલેન્સર (Exhaust fumes), Heating Gas System (ગેસ હિટર) જેવા બળતર (ઈંધણ) પૂરી રીતે બળે નહીં ત્યારે તે પેદા થાય છે. નાની બંધ જગ્યામાં હવા બહાર ન જઈ શકે ત્યારે તેનું જોખમ વધારે હોય છે.

આ ગેસથી આપઘાત અને આકસ્મિક મૃત્યું વધારે થાય છે. આ ગેસની ખાસિયત એવી હોય છે કે તે માનવીના શરીરના રક્તમાં હેમોગ્લોબીન સાથે ઓક્સિજન ૨૦૦-૩૦૦ વાર કરતા ઝડપી આકર્ષાય ને ભળે છે. ફક્ત ૨૦-30% જેટલું CO સાથે ભળી જતા, માથાનો દુઃખાવો, ઉબ્કા, ચક્કર, નબળાઈ, ચંચળતા, કંપન, ધ્રુજારી, ગૂંચવણ, મૂંઝવણ થાય છે. મગજ-જ્ઞાનતંતુને ઓક્સિજન પુરવઠો ઘટી જાય છે. જો ૬૦-૭૦% પ્રમાણ વધે તો વ્યક્તિ બેભાન બની મૃત્યુ પામે છે. મગજમાં બહુ જ ઝડપી પાણી ભરાઈ-સોજા આવે છે.

પ્રેગનેન્ટ સ્ત્રીઓમાં ગર્ભપાત, વહેલી પ્રસુતિ, બાળકને $O_2$ ઓછું મળવાથી મગજ વિકાસમાં ખામી ઉભી થાય છે.

૧% પ્રમાણ યુક્ત CO, ૧૦-30 મિનિટોમાં જ જીવલેણ થઈ શકે છે. સામાન્ય નીકળતા ગેસમાં ૧૫% જેટલું CO નું પ્રમાણ હોય છે. વાહનના ધૂમાડામાં ૭% જેટલું CO નું પ્રમાણ હોય છે. તાત્કાલિક ઈલાજમાં બારી-બારણા ઝડપીથી પૂરા ખોલવા, પંખો ફાસ્ટ ચાલુ કરવું, દર્દીને બહાર ખૂલ્લા હવામાં લઈ જવું.

હવે જોવાનું એ છે કે આ ગેસનો ઉપયોગ Methanol (મેથેનોલ) બનાવા, નોન વેજ આઈટમોને ફ્રેશ રાખવા (પેકીંગમાં), Infrared Lasers (લેઝર) નાસ્તા, જામ-કોલા (Jam-Cola Snacks) જેવા પદાર્થને એસીડ દ્રવ્ય કરવા, મેટલ ઉપરના જંકને ઉખેડવા થાય છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

**જ્યોતિષશાસ્ત્ર**
30 વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.
**સમીર સેજપાલ**
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

Click Here

# મુલુંડમાં ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી મનસે દ્વારા કરવામાં આવી!







શ્રી રાજેશ ચવ્હાણ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના મુલુંડ વિધાનસભા વિભાગના પ્રમુખ એકનિષ્ઠ પ્રતિષ્ઠાન દ્વારા દર વર્ષે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નવા વિચારો અને વિષયો રજૂ કરવામાં અગ્રેસર રહ્યા છે, વિવિધ ક્ષેત્રોમાં સન્માન મેળવનાર પ્રતિષ્ઠિત રમતવીરો અને કલાકારોનું આ વર્ષે પણ સન્માન કરવામાં આવ્યું. આર્ટિસ્ટ ઉલ્હાસ નંદ્રેએ પોટ્રેટ આર્ટ દ્વારા કલા ક્ષેત્રે ઘણા એવોર્ડ જીત્યા છે, માત્ર રાજ્ય સ્તરે જ નહીં, પણ રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અજીંક્ય નાઈક મુંબઈ ક્રિકેટના પ્રમુખ છે. ૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ એસોસિએશન દ્વારા કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સ્વતંત્રતા દિવસ સમારોહમાં અમરજ્યોત પ્રજવલન શ્રી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી સંજય કદમ દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમમાં શ્રી મનસે શિરીષ સાવંતે અમર જવાન સ્મારકને પુષ્પાંજલિ અર્પણ કરી હતી તેમજ ગોવિંદા ટીમે ૭ સ્તરીય પિરામીડ બનાવીને વિશ્વ વિજેતા ટીમને સલામી આપી હતી. આ કાર્યક્રમ મેહુલ સર્કલ મુલુંડ (પ) ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં ખાસ સહયોગઃ ભોર બંધુ અને રોશની : પરેશ ડેકોરેટરનો મળ્યો હતો.



## "ભોલે કી ભક્તિ" ભજન સંધ્યામાં શિવભક્તો થયા ભક્તિગંગામાં તરબોળ

દેવોના દેવ મહાદેવને અતિપ્રિય એવા પવિત્ર શ્રાવણ મહિનામાં ભક્તિગીતો અને ભજનોના કાર્યક્રમની પરંપરાને આ વર્ષે પણ નિભાવતા શુક્રવાર તા. ૧૬ ઓગસ્ટના રોજ મુલુંડમાં મહાકવિ કાલિદાસ નાટ્યગૃહ ખાતે "ભોલે કી ભક્તિ" ભજન સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકગાયકી અને લોકસંગીત પર મહારત ધરાવતા ૧૦૦ થી પણ વધુ ખ્યાતનામ કલાકારો સુમધુર ગીત સંગીત દ્વારા શિવભક્તોને ભક્તિગંગામાં તરબોળ કર્યા હતા.

દર્શકોથી ખીચોખીચ ભરેલા કાલિદાસ નાટ્યગૃહમાં સળંગ સાડા છ કલાક સુધી ચાલેલી આ ભજન સંધ્યામાં ઉપસ્થિત હજારો લોકોએ ભક્તિરસનો આસ્વાદ માણ્યો હતો. ઉલ્લેખનીય છેકે "ભોલે કી ભક્તિ"માં આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય એવા સો થી પણ વધુ ગાયક, ગાયિકા અને વાજિંત્રસાજીંદાઓ પોતાના સુર અને સંગીત દ્વારા આ ભજન સંધ્યામાં સળંગ સાડા છ કલાક સુધી દર્શકોને જકડી રાખ્યા હતા. જેમાં ગુજરાતી, હિંદી, મરાઠી અને પંજાબી ભાષામાં પણ ભક્તિગીતો ગવાયા હતા.

ભવ્ય દિવ્ય "ભોલે કી ભક્તિ" ભજન સંધ્યાનું આયોજન જનસેવક મનોજ કોટકના માર્ગદર્શન હેઠળ કેતન કોટક, જીજ્ઞેશ ખીલાણી, મનિષ તિવારીએ કર્યું હતું, જ્યારે ગજાનન સાઉન્ડ એન્ડ લાઈટ્સના આનંદ મૌર્ય દ્વારા સમગ્ર કાર્યક્રમને પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પાસ વિનામૂલ્ય વિતરિત કરવામાં આવ્યા હતા, ઉપસ્થિત દરેક ભકતગણ માટે ફરાળી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## એશફોર્ડ રોયલ સોસાયટીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી




મુલુંડ ગોરેગાવ લિંક રોડ સ્થિત એશફોર્ડ રોયલ સોસાયટીમાં રાષ્ટ્રના ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પરેડ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટીના પદાધિકારીઓ સાથે રહેવાસીઓ ઉત્સાહ સાથે સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આર આર એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા ધ્વજ વંદન કરાયું




આરઆર એજ્યુકેશનલ ટ્રસ્ટની સંસ્થાઓએ ગુરૂવાર, તા.૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસની ખૂબ જ ઉત્સાહ અને રાષ્ટ્રીય ગૌરવ સાથે ઉજવણી કરી.

કાર્યક્રમમાં પ્રેરણાદાયી ભાષણો અને દેશભક્તિનું મજબૂત પ્રદર્શન દર્શાવવામાં આવ્યું હતું. આર.આર એજ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજિંગ મેમ્બર અને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી. મહેમાન તરીકે નવઘર પોલીસ સ્ટેશનના મદન પાટીલ ઉપસ્થિત રહ્યાં હતાં.






Click Here

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



## સ્વ.દિનેશ મુલજી કારીયા

**કચ્છ -તેરા, હાલે - મુલુંડ**

સજ્જનતા આપની સુવાસ હતી,
પ્રસન્નતા આપનું જીવન,
પરોપરકાર આપનું રટણ હતું,
સત્કાર્યો આપની શોભા,
આપની હયાતી, અમારી પ્રેરણા...

સહૃદયી, મિતભાષી, તોય મક્કમ! અવિસ્મરણીય આપની ઓળખ છે...
કર્મોના સથવારે કર્યું પ્રયાણ, રહેશો સ્મરણપટમાં સદાય યાદ...

**મિત્રો, સ્નેહીજનો તેમજ સ્વજનો**

**Click Here**

# મુલુંડના વિવિધ સ્થળોએ ધ્વજવંદન કાર્યક્રમ થયા



ભૂતપૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરેના ગણેશ ગાવડે રોડ સ્થિત જનસંપર્ક કાર્યાલય પરિસરમાં ધ્વજવંદન કરાયું હતું. ઉપસ્થિત સૌએ ધ્વજને સલામી આપી સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું.



રાષ્ટ્રના ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી મુલુંડ પોલીસ સ્ટેશન પ્રાંગણમાં કરાઈ હતી. આ પ્રસંગે ઝોન સાતના ડીસીપી પુરૂષોત્તમ કરાડ, મુલુંડ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરિક્ષક અજય જોશી સાથે સમાજશ્રેષ્ઠી પંકજભાઈ છેડા, ઉડુપી ટુ મુંબઈ હોટલના માલિક વિનોદભાઈ ભાનુશાલી અને લાલજી સરે વિશેષ હાજરી આપી હતી.



એલ.બી.એસ. રોડ સ્થિત ગોવર્ધન વિસ્તારની સુમતિધામ કો. ઓપ. સોસાયટીમાં સ્વતંત્રતા દિવસ અવસરે ધ્વજારોહણ કરાયું હતું. જેમાં સોસાયટીના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં રહેવાસી ભાઈ-બહેનો જોડાયા હતા.







રાજયોગ કો-ઓપ. સોસાયટીમાં તા.૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસના ધ્વજવંદન અતુલભાઈ શાહ, નલીનભાઈ શાહ તથા નવી કમીટી દ્વારા કરવામાં આવ્યું હતું.



મુલુંડ વેસ્ટના નેપ્ચ્યુન સોસાયટી ખાતે ધ્વજવંદન સમારોહમાં ભૂતપૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે હાજરી આપી અને રાષ્ટ્રધ્વજને સલામી આપી અને ઉપસ્થિત તમામ નાગરિકોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ આપી હતી. કાર્યક્રમમાં ભાજપ મહિલા મોરચા વોર્ડ નં.૧૦૪ પ્રમુખ સનિકા ચવ્હાણ, પારૂલ ખત્રી, બી.કે.સિંહ, જ્ઞાનદેવ દેવીકર, સુજય પોલ્સન, અક્ષય દેસાઈ, દીપાલી ધાનોરકર અને અન્ય સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



દેશના ૭૮માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ગુરૂવાર, તા.૧૫ ઓગસ્ટના માજી નગરસેવિકા સમિતા વિનોદ કાંબળેના ઝવેર રોડ સ્થિત કાર્યાલયમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિનોદ કાંબળે, દર્શના રાઠોડ સહિત અનેક ભાજપા કાર્યકરો તથા સ્થાનિક રહેવાસીઓએ હાજરી આપીને ભારત માતા કી જયના નાદ સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. 'માઝી લાડકી બહિણ' યોજનાના લાભાર્થી બહેનો સાથે માજી નગરસેવિકા સમિતા કાંબળે તેમજ ભાજપાના મનોજ શાહ ઉપસ્થિત રહ્યાં હતા.







તા.૧૫ ઓગસ્ટ ગુરૂવારના સ્વતંત્રતા દિવસ નિમિત્તે કચ્છ યુવક સંઘ મુલુંડ અને ભારત વિકાસ પરિષદ દ્વારા ધ્વજવંદન અને રક્ષાબંધનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ભારત વિકાસ પરિષદ દ્વારા ચાલતી અભ્યાસિકા (ફ્રી શિક્ષણ અને સંસ્કારના વર્ગ)ના ૧૦૩ વિદ્યાર્થી અને શિક્ષકો સાથે ધ્વજવંદન અને રક્ષાબંધનનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓને નાસ્તાનો બોક્સ અને કંપાસ બોક્સ આપવામાં આવ્યા હતા.

Click Here



**જવાહરલાલ નહેરુ રોડ સ્થિત નિઓન કો. ઓ. સોસાયટીમાં ૭૮મા સ્વતંત્રતા દિવસની રાષ્ટ્રભક્તિ કરતા ધ્વજારોહણ કરાયું હતું. ધ્વજવંદન કરી સમૂહ રાષ્ટ્રગીત ગાયું હતું. જયહિન્દ ભારત માતા કી જય ના જયઘોષ નારા સૌ રહિવાસીઓ સાથે મળીને ગજાવ્યા હતા.**



## નારી શક્તિ ફાઉન્ડેશન દ્વારા મુલુંડ(વે) પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ

સોમવાર, તા. ૧૯ ઓગસ્ટના રક્ષાબંધન પર્વ નિમિત્તે નારી શક્તિ ફાઉન્ડેશનના સંયોજક શુલભ જૈન દ્વારા મુલુંડ પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના સંયોજક શુલભ જૈનની ઉપસ્થિતિમાં નારી શક્તિ ફાઉન્ડેશનની બહેનોએ મુલુંડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓને રાખડી બાંધીને રક્ષાબંધનનો તહેવાર મનાવ્યો હતો.



## જૈન સોશિયલ ગ્રુપ મુલુંડ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી

જૈન સોશિયલ ગ્રુપ મુલુંડ દ્વારા ૭૮મા સ્વતંત્રતા દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રુપના તમામ સભ્યોએ સાથે મળીને આઝાદીની ઉજવણી કરી હતી અને દેશભક્તિની ભાવનાને પ્રગટ કરી હતી. ગ્રુપ દ્વારા ISGIF આશ્રય સેવા પખવાડિયા હેઠળ આ ખાસ દિવસ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. દરમિયાન તમામ સભ્યોએ એક થઈને ભારત માતાનો જયજયકાર કર્યો હતો અને ત્રિરંગાની સ્તુતિમાં ગીતો ગાયા હતા. કાર્યક્રમમાં દેશભક્તિની ઝલક જોવા મળી હતી, સૌએ સાથે મળીને દેશ પ્રત્યેની તેમની ભક્તિ અને પ્રેમ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગ દરેક માટે ગૌરવ અને સન્માનનો પ્રસંગ બની ગયો હતો.












## એશફોર્ડ રોયલ સોસાયટીમાં "ગ્રો મોર ગ્રીન" કાર્યક્રમ







## એસ.એમ.પી.આર. શાળા તેમજ એસ.કે.કે અંગ્રેજી માધ્યમ શાળાના સંયુક્ત ઉપક્રમે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ





ગુરૂવાર, તા.૧૫ ઓગસ્ટના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉપરોક્ત બંને શાળાના સંયુક્ત ઉપક્રમે શેઠ કરમશી કાનજી અંગ્રેજી માધ્યમ શાળાના ગ્રાઉન્ડમાં શાનભેર ઉજવણી કરવામાં આવી હતી.



આ પ્રસંગે કારોબારી સમિતિમાંથી ડોનર ટ્રસ્ટી ડૉ. રોહિત પોપટ, ટ્રસ્ટી ડૉ. પ્રવિણ દૈયા, માનદ્મંત્રી સીએ નિકુંજભાઈ શેઠ, ખજાનચી દીપકભાઈ શાહ, સભ્ય ભાવેશભાઈ યાદવા તેમજ ડોનર ટ્રસ્ટી જમનાદાસભાઈ ઠક્કરના સુપુત્ર નિશાદભાઈ જમનાદાસ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સૌનું વિદ્યાર્થીઓએ બેન્ડ દ્વારા ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ શાળાના માનદ્મંત્રી સીએ નિકુંજભાઈ શેઠ વરદ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. બેન્ડ અને રાષ્ટ્રગીત દ્વારા ધ્વજને સલામી આપવામાં આવી હતી. 'ઝંડા ઊંચા રહે હમારા' ગીત દ્વારા ધ્વજની પ્રશસ્તિ કરવામાં આવી હતી.

ત્યારબાદ સુંદર સંદેશ આપતા સાંસ્કૃતિક કાર્યક્રમો બંન્ને માધ્યમની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા.

નિકુંજભાઈ શેઠે પોતાના પ્રવચનમાં વિકસિત ભારતના થીમ પર પ્રકાશ પાડતા વિદ્યાર્થીઓએ શું કરવાનું છે અને કઈ વસ્તુઓથી વિશેષ ધ્યાન આપવાનું છે તે બાબત પર પ્રકાશ પાડતાં સુંદર શૈલીમાં સંદેશ આપ્યો હતો. ત્યારબાદ વંદે માતરમ્ ગાઈને કોમીનારાઓના ગગનભેદી નાદ સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

## રોટરી ક્લબ ઓફ મુલુંડ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી





રોટરી ક્લબ ઓફ મુલુંડની બહેરા-મૂંગા બાળકોની શાખામાં ગુરૂવાર, તા.૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ૭૨મા સ્વતંત્રતા દિવસનો સમારોહ સફળતાપૂર્વક ઉજવાયો. મુખ્ય અતિથિ રોટેરીયન શરદભાઈ વી.શાહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. રોટરી સ્કુલ ફોર ડેફના પ્રિન્સિપાલ પ્રતિભા મેડમે સર્વેનું ફુલગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.

શાળાના ડેફ બાળકો ગાંધી બાપુ, સુભાષચંદ્ર બોઝ, વીર જવાનો વિગેરે રાષ્ટ્રના દેશભક્ત નેતાઓને લગતા પોશાક પહેરીને આવ્યા હતા. સ્વતંત્રતા પર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની સરસ રજૂઆત કરવામાં આવી હતી. લતા મંગેશકર દ્વારા ગવાયેલા ગીત 'એ મેરે વતન કે લોગો' પર એક સરસ પરફોર્મન્સ વિદ્યાર્થીઓએ કરેલ હતું. તે જોઈને સર્વે ભાવુક થઈ ગયા હતા. વિદ્યાર્થીઓને તાળીઓથી વધાવ્યા હતા.

કાર્યક્રમ બાદ સર્વેને નાસ્તો આપવામાં આવ્યો હતો. મહેમાનો સહિત ૨૦૦ વધુ લોકો હાજર હતા.

શાળાના ચેરમેન રોટેરીયન વિજય થાપરે મુખ્ય મહેમાન શરદ શાહનો નાસ્તો સ્પોન્સર કરવા બદલ આભાર માન્યો હતો. તેમજ રોટરી ક્લબ ઓફ મુલુંડના વી.પી.વિશાલ ઠક્કર, આઈ.પી.પી. હિતેશ ગણાત્રા, શ્રીમતી અનસુયાબેન શાહ, ઈન્નર વ્હીલ પ્રમુખ નૂતન ધુલ્લા, વી.પી.રીટા ઠક્કર તેમજ રોટેરીયન મેમ્બર હાજર રહી પ્રસંગમાં અભિવૃધ્ધિ કરી હતી. ઉપરોક્ત માહિતી પી.આર.ઓ.શ્રીમતી અનસુયાબેન શાહ અખબારી યાદીમાં જણાવેલ છે.



Click Here

## આત્મહત્યાનો પ્રયાસ કે અકસ્માત? એ કોયડો વણઉકેલાયેલો

# અટલ બ્રિજ પરથી નીચે પડી રહેલી મુલુંડની મહિલાનો કેબ ડ્રાઈવર અને પોલીસ દ્વારા દિલધડક બચાવ!

દક્ષિણ મુંબઈ અને નવી મુંબઈને જોડતા અટલ બ્રિજની નીચે ઊંડા પાણીમાં ભગવાનનો ફોટો પધરાવવા ગયેલી મુલુંડની ૫૬ વર્ષીય મહિલા રીમા પટેલએ અચાનક અટલ સેતુ પરથી નીચે કુદકો માર્યો એ આત્મહત્યાનો પ્રયાસ હતો કે એક અકસ્માત એ કોયડો ઘટનાના ચાર દિવસ પછી પણ વણઉકલ્યો રહ્યો છે. એક દિલધડક બચાવ કાર્યમાં સતર્ક કેબ ડ્રાઈવર અને ટ્રાફિક પોલીસએ આ મહિલાને બચાવી લીધી હોવાનો વિડીઓ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.





બનાવની વિગત પ્રમાણે મુલુંડ-વેસ્ટમાં રહેતાં રીમા પટેલને શુક્રવારે સાંજે કેબ ડ્રાઈવર અને ટ્રાફિક પોલીસએ અટલ સેતુની રેલિંગ પરથી પાણીમાં પડતાં બચાવી લીધાં હતાં. જો કે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીઓમાં રીમા પટેલે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હોવાના મેસેજીસ ફરી રહ્યા હતા, જ્યારે રીમાબહેનને બચાવનારા ટ્રાફિક પોલીસનું કહેવું છે કે તેઓ તેમની પાસેના માતાજીના ફોટો પધરાવવા અટલ બ્રિજની રેલિંગ પર ચડ્યાં હતાં અને ત્યારે જ સાયરન વગાડતી આવેલી ટ્રાફિક પોલીસની ગાડી જોઈને ગભરાઈને નીચે પડ્યાં હતાં.

આ બાબતે તેમને મુલુંડથી અટલ બ્રિજ લઈ જનાર કેબ ડ્રાઈવર સંજય યાદવએ જણાવ્યું હતું કે કારમાં બેથી ત્રણ વાર રીમાબહેને એવી હરકત કરી હતી જેનાથી મને લાગ્યું હતું કે તેઓ આત્મહત્યા કરવા અટલ બ્રિજ પર આવ્યાં હતાં.વધુ વિગત આપતાં તેણે જણાવ્યું હતું કે શુક્રવારે સાંજે મેં રીમાબહેનને તેમના ગણેશ ગાવડે રોડ સ્થિત ઘરેથી પિક-અપ કર્યા ત્યારે તેમણે મને અટલ બ્રિજ જવાનું કહ્યું હતું. સાત વાગ્યાની આસપાસ અમે અટલ બ્રિજ પહોંચ્યા ત્યારે રીમાબહેને મને કાર ઊભી રાખવા કહ્યું. મેં તેમને જણાવ્યું કે અટલ બ્રિજ પર કાર ઊભી રાખવાની મનાઈ છે, ત્યારે તેમને કહ્યું કે તેમને માતાજીના ફોટા પાણીમાં પધરાવવા છે. મેં કાર ઊભી રાખી ત્યારે તેઓ કારની પાછળના દરવાજાથી ઊતરીને બ્રિજની રેલિંગ પર ચડી ગયાં હતાં. એટલામાં સાયરન વગાડતી પોલીસની વેન આવી ત્યારે રીમાબહેને સમતોલન ખોયું કે તેઓ આત્મહત્યા કરવાના ઈરાદાથી નીચે કુદ્યા એ કંઈ ખબર ન પડી. ત્યારે મેં તેમનો હાથ પકડી લીધો હતો. એક વાર તેમણે હાથ છોડાવવાની કોશિશ કરી હતી પણ પછી તેમણે બચાઓ... બચાઓ.. એવી બૂમો પણ પાડી હતી. થોડી વારમાં મેં અને પોલીસની ટુકડીએ મળીને તેમને બચાવી લીધાં હતાં.

રીમાબહેનને બચાવવા બ્રિજની રેલિંગ પર ચડેલા ટ્રાફિક કોન્સ્ટેબલ કિરણ મ્હાત્રેએ જણાવ્યું હતું કે શુક્રવારે સાંજે ૭:૦૪ વાગ્યે અમારી પેટ્રોલિંગ વેનને મેસેજ આવ્યો હતો કે અટલ બ્રિજના ૧૨.૬ કિ. મી. પર એક મહિલા કારની બહાર આવીને પાણીમાં કંઈક ફેંકી રહી છે. અમે ફક્ત ચાર મિનિટમાં એ સ્થળે પહોંચ્યા હતા એટલામાં એ મહિલા રેલિંગની નીચે પડી હતી અને ડ્રાઈવરે તેને હાથથી પકડી રાખી હતી. હું અને મારી સાથે કોન્સ્ટેબલ લલિત શિરસાટ, યશ સોનાવણે, અને મયૂર પાટીલ તરત મહિલાને બચાવવા દોડ્યા હતા ત્યારે તે બચાઓ બચાઓ એવી બૂમો પાડી રહી હતી. અમે તેને ગણતરીની સેકંડોમાં ઉપર ખેંચી લઈને ન્હાવા શેવા પોલીસને સોંપી દીધી હતી.

રીમાબહેન તેમના પતિ સાથે મુલુંડમાં રહે છે. તેમને કોઈ સંતાન નથી. તેમણે ન્હાવા શેવા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અંજુમ ભાગવાનને આપેલા સ્ટેટમેન્ટ મુજબ તેઓ દેવી-દેવતાઓના ફોટા પાણીમાં પધરાવવા અટલ બ્રિજ પર આવ્યા હતા. રેલિંગ પર બેસીને તેઓ ફોટો પધરાવી રહ્યાં હતાં ત્યારે સાયરન વગાડતી આવેલી પોલીસ વેનને જોઈને ગભરાહટમાં સંતુલન ગુમાવીને નીચે પડ્યાં હતા. બનાવ બાદ તેમના પતિને ફોન કરવામાં આવ્યો હતો પરંતુ તેઓ પુણેમાં હોવાથી તેમનો સંપર્ક કરી રીમાબહેનને તેમના તાબામાં આપવામાં આવ્યા હતાં. આ સંદર્ભે હજી સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી.

## સમાજસેવક શુલભ જૈનની આસિ. કમિશનર સમક્ષ માંગ : ગણપતિ બાપ્પાના આગમન પૂર્વે મુલુંડના રસ્તાઓને ખાડા-મુક્ત કરવામાં આવે



મુલુંડના સમાજસેવક શુલભ જૈનએ મુંબઈ મહાનગરપાલિકા ટી વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર અજય પાટણે સમક્ષ વોટ્સએપના માધ્યમથી માંગ કરી છે કે આગામી સપ્ટેમ્બર મહિનામાં ગણપતિ બાપ્પાનું આગમન થવા જઈ રહ્યું છે તેની પહેલાં મુલુંડના રસ્તાઓ પર પડેલા અનેક ખાડાઓને જલ્દી થી જલ્દી ભરવામાં આવે જેથી ગણેશ ભક્તોને બાપ્પાની મૂર્તિ પોતાનાં ઘરે કે સાર્વજનિક મંડળોમાં લઈ જવા સમયે કોઈ મુશ્કેલી ન પડે.

## ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ દ્વારા હેર સ્ટાઈલ અને મેકઅપ વર્કશોપ

શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ બ્યૂટી ક્વિન માટે લઈને આવે છે. 'હેર સ્ટાઈલ અને મેકઅપ વર્કશોપ' અંકિત ગોસર (ગામ વિંઢ) દ્વારા Quick Self Makeup in 15 minutes માત્ર ૧૫ મિનિટમાં પોતાની જાતને પ્રસંગને અનુરૂપ શણગારો આવી ગઈ છે તહેવારોની મોસમ. આવનાર તહેવારોમાં કે મંગળ પ્રસંગ આપણે વિવિધ રીતે ઉજવતા હોઈએ છીએ. ગણપતિ ઉત્સવ, તપસ્વીની સાંજી, નવરાત્રી, શરદ પૂર્ણિમા, નાના મોટા લગ્ન પ્રસંગ. આવા પ્રસંગોમાં પોતે જાતે તૈયાર થવું એ પણ કળા છે. તો ચાલો શીખીએ વિવિધ પ્રકારની હેર સ્ટાઈલ અને મેકઅપ વિશેષ આકર્ષણ Hairstyle with Hand on Practice.

નાના મોટા વાળ માટે અનુરૂપ હેર સ્ટાઈલ. હેરસ્ટાઈલ માટે વપરાતા સાધનોની માહિતી. ચોટલાના વિવિધ પ્રકાર (Different style of Braids). ખુલ્લા વાળનો Perfect look, Curls, Quick Bun (અંબોડો).

શનિવાર, તા.૨૪ ઓગસ્ટના બપોરના ૨ થી ૫ વાગ્યે શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ ઓફિસ, ગણેશ ગાવડે રોડ, બાવાજીની ઝૂંપડીની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

ક.વી.ઓ. માટે ફી રૂ.૨૦૦/- અને અન્ય માટે રૂ.૨૫૦/-. રજિસ્ટ્રેશન માટે સંપર્ક યામિની ગોસર-૯૯૮૭૮૫૯૭૪૫, ભારતી સતરા-૭૯૭૭૧૫૩૩૨૧, ભૂમિકા ગાલા-૯૩૨૩૯૧૬૨૪૮, જીપે નંબર-૮૪૫૨૯૩૨૨૪૨.

## ગાયક સંગીત કલાકારો માટે વોઈસ કલ્ચર વર્કશોપનું આયોજન

તા.૨૭ ઓગસ્ટ મંગળવાર સાંજે ૬.૩૦ થી ૧૦ દરમ્યાન મેયર હોલ, અંધેરી વેસ્ટમાં વોઈસ કલ્ચર સેશન જેમાં સુવિખ્યાત Vocalist & Voice Expert પ્રો. ડો.ટી. ઉન્નીક્રિષ્નન ગાયીકીની શાસ્ત્રીય પદ્ધતિની સમજણ આપશે. તાલબદ્ધ સૂરીલી ગાયીકી માટે ઉભરતા ગાયક કલાકારો માટે આ વર્કશોપ ઉપયોગી બનશે. ખાસ કરીને સ્વર સંસ્થાના મેમ્બરો માટે આ આયોજન રખાયું છે પણ વિશેષ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેવા માંગતા રસિક ગાયક-કલાકારો નોર્મલ એન્ટ્રી ફી ભરી વહેલા તે પહેલોના ધોરણે અગાઉથી રજિસ્ટ્રેશન કરી ભાગ લઈ શકે છે. સંપર્ક કાર્યક્રમ સંયોજક Impressions Events ના રોહિત કોઠારી મો. 9833585588.

## મુલુંડ પૂર્વમાં ઐરોલી નાકા ખાતે નાકાબંધી દરમ્યાન ૩ કરોડનું મેફેડ્રોન ડ્રગ જપ્ત કરાયું

સ્વતંત્રતાદિનને ધ્યાનમાં રાખી ગત મંગળવારની રાતે મુલુંડ પૂર્વના ઐરોલી નાકા ખાતે કરાયેલી નાકાબંધી દરમિયાન પોલીસે એક કારને આંતરી અંદાજે ત્રણ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) ડ્રગ જપ્ત કર્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મુંબઈના એન્ટ્રી પોઈન્ટ ઐરોલી નાકા ખાતે રાતે નાકાબંધી કરવામાં આવી હતી.

મધરાતે એક વાગ્યાની આસપાસ શંકાસ્પદ બ્લ્યુ કલરની કારને રોકવામાં આવી હતી. કારના ડ્રાઈવર મોહમ્મદ કલિમ સલીમ ચૌધરી (૨૭)ની ધરપકડ કરવામાં આવી હતી. ચૌધરી કુર્લા પશ્ચિમનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન કારને રોકવાનો ઈશારો કરવામાં આવ્યો ત્યારે કારમાંથી ઊતરીને બે શકમંદ ફરાર થઈ ગયા હતા.

## કિરીટ સોમૈયાનો વિક્રાંત જહાજ બચાવ ભંડોળ કેસ તપાસ બંધ કરવાની કોર્ટનો નકાર

ભાજપના નેતા કિરીટ સોમૈયા અને તેમના દીકરા નીલ સોમૈયાએ સેવાનિવૃત્ત નૌકાદળના વિમાનવાહક જહાજ વિક્રાંતને બચાવવા માટે જે ભંડોળ લીધું હતું એના સંબંધી છેતરપિંડીના કેસને સ્થાનિક કોર્ટે બંધ કરવા માટેનો ઈનકાર કરી દીધો હતો.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (ઈઓડબ્લ્યુ)એ ૮મી ઓગસ્ટે ક્લોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો, જેને કોર્ટે એમ કહીને ફગાવ્યો હતો કે આ કેસમાં હજી તપાસ અધૂરી છે. વધારાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.પી. શિંદેએ પોલીસને એવો આદેશ આપ્યો હતો કે આ કેસમાં વધુ તપાસની જરૂર છે અને તપાસ કર્યા બાદ તેનો અહેવાલ કોર્ટમાં રજૂ કરો.


કોર્ટે આપેલા આદેશમાં એવું જણાવ્યું હતું કે તપાસમાં એવું બહાર આવ્યું હતું કે આરોપીએ પૈસા એકઠા કર્યા હતા, પણ પોલીસે તેના રેકોર્ડમાં કોઈ દસ્તાવેજો દાખવ્યા નથી. પોલીસે રજૂ કરેલા અહેવાલમાં એવું જણાવ્યું હતું કે આરોપીઓએ રકમને કાં તો મહારાષ્ટ્ર ગવર્નરની ઓફિસમાં કે પછી સરકારમાં જમા કરાવી છે.

Click Here

# સીએપસી સોસાયટીના રહેવાસીઓ દ્વારા વૃક્ષારોપણ સાથે સ્વતંત્રતા દિવસની ઉજવણી








સર્વોદય નગર પરિસરના સૂપાર્શ્વ, ચંદ્ર અને પદમ (સીએસપી) સોસાયટી દ્વારા તા.૧૫ ઓગસ્ટ ગુરૂવારના રાષ્ટ્રના ૭૮મા સ્વતંત્રતા પર્વની દબદબાભેર ઉજવણી કરાઈ. રાષ્ટ્ર ધ્વજ લહેરાવી સલામી આપી અને રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું. દેશ ભક્તિના ગગન ભેદી નારા લગાવી રાષ્ટ્ર ભક્તિ દર્શાવી. ત્યારબાદ વૃક્ષારોપણ કરી પર્યાવરણ બચાવ ઝૂંબેશની પ્રક્રિયા કરી. સોસાયટીના પદાધિકારી ગણ અને રહેવાસી ભાઈ બહેનો ઉત્સાહપૂર્વક સમગ્ર કાર્યક્રમમાં જોડાયા હતા.

## શ્રાવણ માસના તૃતીય સોમવારે બાવાજી ઝૂંપડીમાં કૈલાસ પર્વતની ભવ્ય સજાવટ



તા.૧૯ ઓગસ્ટ સોમવારે શ્રાવણ માસના તૃતીય સોમવારે ગણેશ ગાવડે રોડ સ્થિત બાવાજીની ઝૂંપડીના શિવ મંદિરે હિમગિરિ કૈલાસ પર્વતની ભવ્ય એ રમણીય આકર્ષક સજાવટ ચંદ્રમણીજી વ્યાસના માર્ગદર્શન હેઠળ દર્શાનીય રીતે કરાઈ હતી. જે ભક્તો માટે મનમોહક બની રહી હતી.


# સ્મશાનયાત્રા



## ડો. ફુટરમલજી મગનીરામજી મંડોત

(ગામ નાડોલ -રાજસ્થાન, હાલ મુલુંડ, મુંબઈ)

ડો.ફુટરમલજી મગનીરામજી મંડોત ઉંમર વર્ષ ૯૧,
મંગળવાર તા.૨૦-૦૮-૨૦૨૪ના રોજ અવસાન પામેલ છે.
તેમની સ્મશાનયાત્રા બુધવાર, તા.૨૧-૦૮-૨૦૨૪ના સવારના ૧૦ કલાકે
તેમના નિવાસ સ્થાન ૫૦૫/૫૦૬, પાંચમા માળે, એ-વીંગ,
જેનીથ ટાવર, કેશવપાડા સામે, મુલુંડ (વે.) થી નીકળશે.

શોકાતુર

**ડો. જયંત પી. મંડોત • ડો. મહેશ પી. મંડોત**
Mob.9322275599 Mob.9821048907








# શ્રીમતી એચ.એમ.ગાલા અંગ્રેજી શાળામાં ધ્વજવંદન કરાયું

શ્રીમતી એચ.એમ.ગાલા સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સુંદરજીભાઈ શાહ અને ચેર પર્સન શ્રીમતી પ્રભાબેન જે પોપટ દ્વારા ધ્વજવંદન કરી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ હતી. શ્રીમતી એચએમ ગાલા અંગ્રેજી શાળા પરિસરમાં તમામ ટ્રસ્ટીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

# શ્રી શાંતિનાથ ગૃહ જિનાલયનો ધ્વજારોહણ







શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ સંચાલિત શ્રી શાંતિનાથ ગૃહ જિનાલયની ૪૦મી ધજાની ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી.

તાંબેનગરના રત્ન પૂજ્ય પંન્યાસ શ્રી કૃપારત્નવિજયજી મ.સા. આદિ ઠાણા તથા શ્રી શાસનસમ્રાટ શ્વે. મૂ. જૈન સંઘમાં બિરાજમાન શ્રી સાધ્વીજી ભગવંતો તથા ચતુર્વિધ સંઘની હાજરીમાં ત્રિ-દિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસ તા. ૧૫-૦૮-૨૦૨૪ના સવારના શ્રી શાંતિનાથ પ્રભુને ૧૦૮ કુસુંમાજલી તેમજ દ્વિતીય દિવસ તા.૧૬-૦૮- ૨૦૨૪ના બહેનો દ્વારા શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. શ્રાવણ સુદ ૧૩, શનિવાર, તા. ૧૭-૦૮-૨૦૨૪ના સવારે ૪૦મી ધ્વજાના લાભાર્થી પરિવાર માતુશ્રી ચંદનબેન ગુલાબચંદ શાહ (પાલિતાણાવાળા) પરિવારના ઘરે પૂજ્ય ગુરુ- ભગવંતોના, સાધ્વીજી ભગવંત તથા ચતુર્વિધ સંઘના પગલા કરી વાજતે ગાજતે ધજા લઇ જિનાલય તરફ પ્રયાણ કરી સવારે ૧૦.૧૭ કલાકે દાદાના શિખરે ધ્વજા રોહણ કરવામાં આવેલ. ત્યાં પધારેલ સર્વેને શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલ હતી. ધ્વજા રોહણ બાદ શ્રી નેમીસૂરિ આરાધના ભવનમાં સૌ પ્રથમ ધજાના લાભાર્થી તેમજ શ્રી સંઘસ્વામીવાત્સલ્યના મુખ્ય લાભાર્થી માતુશ્રી ચંદનબેન ગુલાબચંદ શાહ પરિવારનું શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. બહુમાન બાદ સમાજના પ્રમુખ શ્રી નલીનભાઈ તથા તાંબેનગરના શ્રી સમીરભાઈ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન તથા બૃહદ્શાંતિનું પઠન કરવામાં આવ્યું. અને ત્યારબાદ ૧૧.૩૦ કલાકે તાંબેનગર સંઘનું તથા આમંત્રીત મહેમાનોનું સ્વામીવાતસલ્ય રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજના તમામ ટ્રસ્ટીઓ, ઓફીસ બેરર્સ તથા તમામ કમીટી મેમ્બર્સ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્વામીવાત્સલ્યમાં ૧૮૦૦ જેટલા ભાવિકોએ લાભ આપેલ હતો. શ્રી મુલુન્ડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજના દ્વારા શ્રી શાસનસમ્રાટ શ્વે. મૂ. તપા. જૈન સંઘ,તાંબેનગરના સહયોગ તેમજ સ્થાનિક કાર્યકર્તાઓ મહેશભાઈ, સમીરભાઇ, અલ્પેશ, ભાવીન, સંચીત, વૈભવ, હેમલ વગેરેનો સહકાર મળ્યો હતો.



Click Here

# જી.ટી. હાઈસ્કૂલ-કોઠારાના માજી વિદ્યાર્થીઓનો 'મીઠો મેળાવડો' મધુર સંભારણા બની રહ્યો







કચ્છ કોઠારામાં લગભગ દોઢસો થી વધુ વર્ષથી શેઠશ્રી ગોકુલદાસ તેજપાલ મેમોરિયલ હાઈસ્કૂલ કાર્યાન્વિત છે. એના ૧૯૫૦ થી ૨૦૦૦ સુધીની બેચમાં સામેલ વિદ્યાર્થી ભાઈ-બહેનો, સહપાઠીઓનો સ્નેહ મિલન-મેડાવો મુલુંડ (૫)માં શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી-પવાણી હોલ (એ.સી.)માં ગુરૂવાર, તા ૧૫ ઓગસ્ટના રોજ યોજાયો હતો. દેશ દેશાવરમાંથી લગભગ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ ચાર-પાંચ દાયકા બાદ ફરી મળ્યા હતા. જે મીઠો મેળાવડો બની રહ્યો હતો. શેઠ ગોકુળદાસ તેજપાલ પરિવારના ચોથી પેઢીના વારસદાર શેઠશ્રી સુધીરભાઈ, શેઠશ્રી શિશિરભાઈ તેમજ ભાભીશ્રી ખાસ આમંત્રણને માન આપી આ કાર્યક્રમમાં પધાર્યા હતા. જેમનું ઢોલ શરણાઈથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાઠ-સિત્તેરના દાયકામાં પહોંચેલા આ વિદ્યાર્થીઓના આવા ઉમળકાને




જોઈને શેઠિયાઓએ આગામી આવું સ્નેહ મિલન મુંબઈમાં ગોવાલિયા ટેન્ક સ્થિત તેજપાલ ઓડિટોરિયમમાં યોજવાની ઓફર આપી હતી. જેને સહર્ષ તાળીઓથી વધાવી લેવામાં આવી હતી. એમના દ્વારા દીપ પ્રજ્વલન બાદ પારંપારિક રીતે એમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. એમની સાથે મંચસ્થ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા માજી આચાર્ય શ્રી પ્રભાતસિંહ જાડેજા, આ કાર્યક્રમ માટે વિશેષ જહેમત ઉઠાવનાર કન્વીનર શ્રી સોમચંદભાઈ લોડાયા, ગુરૂમાતાઓ આદરણીયા વિજયાબેન અને સરલાબેનનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. કન્વીનર ટીમ વતી સોમચંદભાઈ લોડાયાએ આવકાર પ્રવચન કર્યું હતું. અંતે સુરૂચિ ભોજનનો સર્વેએ લાભ લીધો હતો. રીટર્ન ગીફ્ટ પણ એક યાદગીરી બની રહી હતી. આયોજનને સફળ બનાવવા પૂરી કન્વીનર્સ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.






# ગ્રેવીટી ગ્લોબલ રીયલ્ટી દ્વારા મુલુંડ કાર્નિવલ યોજાયો

ગ્રેવીટી ગ્લોબલ રીયલ્ટી દ્વારા ગુરૂવાર તા.૧૫ ઓગસ્ટના રોજ સર્વોદય નગરમાં વિશ્વધન સોસાયટી ખાતે પ્રોપર્ટી એક્ષ્પો કાર્નિવલ યોજાયો હતો. આરકેડ, ઓસ્કાર, મેટ્રો, પીનલ, ફેન્કીન, સ્કેવરફીટ, સનરાઈઝ જેવા પ્રતિષ્ઠિત બીલ્ડરો દ્વારા ફન એક્ટીવીટી સાથે ભવ્ય આયોજન કરવામાં આવ્યું. મુલુંડ, થાણા તથા આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા લેટેસ્ટ પ્રોજેક્ટોની વિગતવાર માહિતી આપવામાં આવી. સાથે બુકીંગ કરાયું હતુ ફન એક્ટીવીટીમાં વિનરોને Oscar દ્વારા વિશેષ પારિતોષિકોથી નવાજવામાં આવ્યા. આમ સ્વતંત્રતા દિવસની ઉજવણી તથા કાર્નિવલ ઉત્સાહ સાથે સંપન્ન કરી યાદગાર બની રહ્યો.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

**આજે ૧૯ ઓગસ્ટ, અમારા પ્રિય કવિ Raeesh Maniarને જન્મદિવસની અઢળક શુભેચ્છા...**

### "ખબર નથી"

'માહિતી' છે બધાને, બધાને 'ખબર' નથી.
બંનેમાં ભેદ છે એ ઘણાને ખબર નથી
મનગમતો અંશ વર્ણવી રસપ્રદ બની ગઈ
પાત્રોનું પૂરું દર્દ કથાને ખબર નથી
'નિર્દોષ છું' એ દાવો કરે એમ જાણે કે
કોણે બુઝાવ્યો દીપ, હવાને ખબર નથી
વૈદ્યો હતા નવાબના વાજીકરણમાં વ્યસ્ત
ગુજરી ગયો ગરીબ, દવાને ખબર નથી
માંગો જો કોઈ માટે તો એ પક્ષપાત છે
છે કોના માટે, સાચી દુઆને ખબર નથી
શું હળ, શું ખેત, પાક શું, ભંડાર શું બજાર?
દાણા સિવાય બીજી ચકાને ખબર નથી
મસ્તક ઢળી પડે છે 'રઈશ' એ જ વાત પર
ડાબાનું દર્દ જમણા ખભાને ખબર નથી



**રઈશ મનીઆર**

સંકલન :હરીશ ખોંભડીયા

# મુંબઈ કોંગ્રેસ સેવક દ્વારા નોટબુકનું વિતરણ કરાયું



મુંબઈ કોંગ્રેસ-સેવક સંસ્થા દ્વારા ગુરૂવાર, તા.૧૫ ઓગસ્ટના રોજ મુલુંડના વિદ્યાર્થીઓને મફત નોટબુકનું વિતરણ વિઠ્ઠલનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માજી વિધાન પરીષદ સભ્ય ચરણસિંહ સપ્રા, જીલ્લા કોંગ્રેસ અધ્યક્ષ ઉત્તમ ગીતે, નીતાબેન જોશી, ૧૦૭ના બ્લોક અધ્યક્ષ રાજુ ઘાવરે, શાનુ શેખ ઉપસ્થિત રહ્યાં હતાં.





# મુલુંડ તથા ઘાટકોપર JITO ની સંયુક્ત JBN MEET યોજાઈ

શનિવાર, તા. ૧૭ ઓગસ્ટના રોજ સવારના ૭.૩૦ કલાકે મુલુંડ JITO તથા ઘાટકોપર JITO ના સંયુક્ત ઉપક્રમે JBN MEET નું આયોજન મુલુંડમાં ઉડુપી ટુ મુંબઈ હોટેલમાં કરવામાં આવ્યું હતું. JBN MEET માં મુલુંડ JITO Chapter ના ચેરમેન નલીનભાઈ શાહ તથા ચીફ સેક્રેટરી જયેશભાઈ જૈન તેમજ ઘાટકોપર JITO Chapter ના ચેરમેન ધીરજભાઈ મહેતા તથા ચીફ સેક્રેટરી અમીતભાઈ ધુલ્લા ઉપસ્થિત રહ્યા હતા. JBN MEETનું સંચાલન મુલુંડના રાહુલ સંઘવી તથા ઘાટકોપરના પુરવ શાહે કર્યું હતું. હિરેનભાઈ શાહ સૌરભ જૈને બિઝનેસ સ્પીચ આપી હતી. ૮૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મોનીલ શાહ તેમજ હર્ષ શાહે સારી જહેમત ઉઠાવી હતી. ભવિષ્યમાં મુલુંડ, ઘાટકોપર, થાણા, ભીવંડી, કલ્યાણ તથા ન્યુ મુંબઈની JBN Meetનું કરવામાં આવશે એ જાહેરાત કરવામાં આવી હતી.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ

## મુલુંડ (મંગલાપુરી) ના સિતારાઓ ચમક્યા આપણી માતૃસંસ્થા શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજન – મુંબઈમાં


## સર્વેને હાર્દિક અભિનંદન...



**મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી ચેતનભાઈ ખેરાજ દેઢિયા**
(ગઢશીશા)



**મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી મનોજભાઈ નવીન વોરા**
(નારાણપુર)



**માનદ્ મંત્રી**
**શ્રી વિશાલભાઈ રતીલાલ રાંભિયા**
(નાના ભાડિયા)



**ટ્રસ્ટી**
**શ્રી હેમચંદભાઈ મુરજી ગડા**
(નાના રતડીયા)

જીવનમાં કરેલ સત્કાર્યોની સિદ્ધિ જ લોકપ્રસિદ્ધિના શિખરે પહોંચાડે છે... આપની કાર્યદક્ષતા અને સેવાભાવનાથી મહાજન માટે ખંત અને નિષ્ઠાપૂર્વક કાર્યો કરી મહાજનને ઉચ્ચ શિખરો પર પહોંચાડવા પુરુષાર્થ સહ પ્રગતિ કરતા રહો એજ શુભેચ્છા.

### શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજના તમામ ટ્રસ્ટીગણ

**કુલીન મોરારજી ગાલા**
(પ્રમુખ : શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ)

**દીપક મુલચંદ ગોસર**
(પ્રમુખ : શ્રી મુલુંડ શ્વે. મૂ. જૈન સંઘ)

બિપીન મગનલાલ શાહ
લક્ષ્મીચંદ ખેરાજ દેઢિયા
રાજેશ વસનજી છેડા
કિરણ હંસરાજ શાહ
દેવેન્દ્ર વસનજી ગાલા
ભરત મુલજી મૈશેરી
ચીમન મેઘજી મોતા
મુકેશ દામજી મૈશેરી
હંસકુમાર દામજી મૈશેરી
જયંત પદમશી શાહ
હંસરાજ લખમશી ગાલા
વિસનજી ગાંગજી ગાલા
કમલેશ વિસનજી લાપસીયા
વસનજી તેજપાર દેઢિયા
રાજેન્દ્ર મણીલાલ ખોના

BINITA S. MARU - 9869034162

**Click Here**

સરસ્વતી સન્માન સમારંભ ૨૦૨૪ વિશેષ પૂર્તિ

Shree Kutchi Lohana Mahajan Mulund — Saraswati Sanman 2024

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા

# સરસ્વતી સન્માન સમારંભ





મુલુંડમાં વસતા કચ્છી લોહાણા સમાજના ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ધરાવતા ૩૫૦ જેટલાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તા.૧૮ ઓગસ્ટ રવિવારના સાંજે ૪ વાગ્યે શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ આયોજિત સરસ્વતી સન્માન સમારોહમાં કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત શ્રીમતી સરલાબેન કોઠારી, સમાજના આગેવાનો તથા ટ્રસ્ટીગણ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી.

ત્યારબાદ નાના બાળકો દ્વારા સરસ્વતી વંદના કરવામાં આવી જે માટે શ્રીમતી સોનલબેન કતીરાએ ખૂબ મહેનત કરી. બાળકોને પ્રાર્થના શીખવી હતી.



ત્યારબાદ સરસ્વતી સન્માન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

દરેક વિદ્યાર્થીને તેમના અભ્યાસ ધોરણ મુજબ બેગ આપવામાં આવી. ૧ થી ૪ ધોરણના વિદ્યાર્થીઓને તેની સાથે સ્ટેશનરી આપવામાં આવી તથા ૫ ધોરણથી ઉપરના દરેક વિદ્યાર્થીઓને તેમના નામ વાળી (પર્સનલાઈઝ) પેન આપવામાં આવી. તેમજ દરેક વિદ્યાર્થીઓને તેમના ફોટો તથા નામ વાળુ સન્માનપત્રક ખાસ ખેસ પહેરાવીને આપવામાં આવ્યું.

કાર્યક્રમ સ્થળે એક સેલ્ફી કાઉન્ટર બનાવવામાં આવ્યું હતું જ્યાં દરેક વિદ્યાર્થીનો ફોટો પાડવામાં આવતો હતો અને તે ફોટો ફ્રેમ સાથે વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો. આ માટે રોશનીબેન કોઠારી (ખાડે) જેઓ શુટીંગ સ્ટાર નામની કંપની ચલાવે છે. તેઓ પોતાના સ્ટાફ સાથે આવી ખૂબજ જહેમત ઉઠાવી હતી.

વિશેષ રૂપે નવીનભાઈ ગણાત્રા પરિવાર તરફથી દરેક વિદ્યાર્થીઓને રૂા.૧૧૦૦ રોકડા આપવાની જાહેરાત મોહનભાઈ ગણાત્રાએ કરી હતી. જે મહાજનશ્રીના કાર્યાલયમાંથી સર્ટિફિકેટ બતાવીને લઈ જવા દરેક વિદ્યાર્થીને વિનંતી કરાઈ છે.

હિનાબેન ઠક્કર જેમણે સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ રીતે સંચાલન કર્યું હતું. તેમણે જન્માષ્ટમીના દિવસે ગુર્જરમાત પરિવાર દ્વારા આયોજીત કૃષ્ણ લીલા કાર્યક્રમનું કાલિદાસની મફત પાસ દરેક વિદ્યાર્થીને આપવાની જાહેરાત કરી અને સાથે તેમના વાલીઓ માટે રૂા.૨૦૦ બે પાસ આપવામાં





**Click Here**

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારંભ સહર્ષ સંપન્ન

આવશે એની જાહેરાત કરી હતી.

કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ તથા વાલીઓને વિવિધ રમતો રમાડી પ્રશ્નોત્તરી પૂછી વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા. રમત સાથે બાળકોને દરિયાલાલ દાદાના મંદિર તથા વડીલોને પગે લાગવાની વિશેષ સમજ પણ આપવામાં આવી.

કાર્યક્રમમાં આવેલ જ્ઞાતિ સમાજના દરેક મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું અને આવેલ દરેક અગ્રણીઓ આ બાબતે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

મહાજન દ્વારા અગાઉ સન્માન મેળવી ચુકેલા અને હમણાં પોતાના પુત્રના સન્માનમાં આવેલ. સીએ કલ્પેશભાઈ કતીરાએ પોતાની વિશેષ લાગણી વ્યક્ત કરી હતી. જેમાં એમણે હમણાની કમિટીએ કરેલ કાર્યો તથા મહાજનવાડીના સુધારા માટે ખૂબજ પ્રશંસા કરી હતી.

આવેલ વિદ્યાર્થીઓએ પણ પોતાના મંતવ્ય નિખાલતાથી વ્યક્ત કર્યા હતા. તેમની સફળતા પાછળ કોનો હાથ છે એ વ્યક્ત કરી ખુશી અનુભવી હતી. અંતે વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ભાવતા ભોજન લઈ સૌ છુટા પડ્યા હતા.

વિદ્યાર્થીઓને મહાજનશ્રી દ્વારા ચાલતી બુક બેંકનો પણ લાભ લેવા વિનંતી કરાઈ છે.

એ સાથે એક વિશેષ જાહેરાત નવરાત્રી ગરબા ક્લાસની કરવામાં આવી. જેમાં મુલુંડના કોરીયોગ્રાફર સંજય સોની અને શીલા સોની દ્વારા ૬ થી ૬૦ વર્ષના ભાઈઓ તથા બહેના માટે ફ્રી વર્કશોપનું આયોજનની જાહેરાત કરવામાં આવી. જેમાં મુલુંડમાં વસતા આપણી જ્ઞાતિના ભાઈઓ-બહેનોને આઠ ક્લાસ, ચાર ગુરૂવાર, ચાર શનિવાર સાંજે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન વિવિધ ગરબા સ્ટેપ્સ શીખવાડમાં આવશે. જે માટે મહાજનશ્રી કાર્યાલયમાં નામ લખાવવા જરૂરી છે. એ માટે ૫૦૦ રૂા. ડિપોઝીટ રૂપે લેવામાં આવશે. જે આઠ ક્લાસ પૂરા થશે ત્યારે પરત આપવામાં આવશે.

સરસ્વતી સન્માન કાર્યક્રમને સફળ બનાવવા દરેક દાતાઓ જહેમત ઉઠાવનાર સ્વંયસેવકો અને મહાજનવાડીના સ્ટાફનો કચ્છી લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

દરેક દાતાઓના સહકારથી વિવિધ કાર્યક્રમ સફળતાથી પાર પાડી શકાય છે. સમાજના અગ્રણીઓ તથા દાતાઓ તથા સેવા આપનાર દરેકે દરેક વ્યક્તિ ભવિષ્યમાં પણ આવી જ રીતે સાથ આપતા રહેવા વિનંતી કરે છે.



























Click Here

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારંભ સહર્ષ સંપન્ન



Click Here

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારંભ સહર્ષ સંપન્ન

































Click Here